
# અધ્યાત્મ



વર્ષ : ૧૯ ઓક્ટોબર–૧૯૯૭ અંક : ૧

## * થોડી પ્રગતિથી સંતોષ માની બેસી ન જાઓ *

સામાન્ય માણસોની જેમ સાધકો પણ કેટલીક વાર એવી જડ અવસ્થાની અસર નીચે આવી જાય છે. તે વખતે તેમને સાધના કરવાનું જરા પણ નથી ગમતું. તે આખો દિવસ સાધનાની દૃષ્ટિએ જોતાં, અકર્મણ્ય બનીને બેસી રહે છે. કેટલીક વાર અમુક પ્રકારની થોડી કે વધારે સાધના કર્યા પછી પણ એવી અવસ્થા આવી મળે છે. એ અવસ્થાના અનુભવથી સાધક પોતાના સાધારણ અથવા અસાધારણ એવાં અનુભવોને છેવટના માની લે છે. આપવું ઘટે તેથીયે ઘણું વધારે મહત્ત્વ આપી દે છે, ને હવે કાંઇ જ કરવાનું બાકી નથી એમ માની–મનાવીને પોતાને સિદ્ધ તરીકે ઓળખાવે છે. એ વૃત્તિ ભારે ભયંકર તેમ જ નુકસાનકારક છે. સાધકોએ એથી સાવધાન રહેવાની જરૂર છે.

માનસિક જડતાની એ અવસ્થાથી સમજુ સાધકે સદા ચેતતા રહેવાનું છે. એ અવસ્થામાં સાધકને જ્યાં હોય ત્યાંથી આગળ વધવાની ઇચ્છા નથી થતી. પોતાના જ તૈયાર કરેલા કુંડાળામાં તે હાથે કરીને કેદ થઇ જાય છે. કેટલાક સાધકો એવા છે જે થોડાંક આસન, ષટ્ક્રિયા ને પ્રાણાયામ શીખ્યા પછી પોતાની જાતને સિદ્ધ યોગીમાં ખપાવે છે. એનાથી આગળ વધવાની વૃત્તિ જ તેમને નથી થતી. તેમને ખબર નથી કે આસન, ષટ્ક્રિયા ને પ્રાણાયામ તન–મનને મદદરૂપ છે, ને યોગસાધનામાં સ્થાન ધરાવે છે, તોપણ તે કાંઇ પૂર્ણ યોગ નથી. યોગની સાધના તો ઘણી મોટી છે. તેની સંપૂર્ણ સફળતા સારુ ધ્યાનાદિ કરવાની તેમ જ પરમાત્માના પરમ પ્રકાશને ઓળખવાની જરૂર છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરિટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પૂ. માના જન્મદિનની શુભકામનાઓ | આપનાં બાળકો | ૩ |
| નૂતનવર્ષાભિનંદન | તંત્રી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| વિષ્ણુસહસ્રનામ | મહેશ દવે | ૧૧ |
| ત્યાગમૂર્તિ મસ્તરામજી | એક ભક્ત | ૨૧ |
| હો રાજ રે ! | ડો. રણજિત પટેલ (અનામી) | ૨૯ |
| જીવન છે વરદાન | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૩૦ |
| શું કરી રહ્યા છીએ?–જરા વિચારો | ચિંતક | ૩૧ |
| મહાત્મા શ્રી યોગેશ્વર રચિત શ્રીમદ્ ભાગવત રસસુધા | જ્યોત્સ્નાબેન બી. ત્રિવેદી | ૩૩ |
| My Personal true faith in MAA based on my experience | Nalini, U. S. A. | ૩૭ |
| મારાં અંગત અનુભવના આધારે પૂ. મામાં મારી સાચી શ્રદ્ધા પ્રગટી | નલિની, અમેરિકા | ૩૯ |
| સર્વેશ્વરીતીર્થનો પાટોત્સવ | — | ૪૧ |
| યાત્રા–પરમ સમીપે–(૫) | સુરેશ શાહ–ટોરન્ટો, કેનેડા | ૪૨ |
| ઋણાનુબંધ | સ્વામી કૃષ્ણાનંદ | ૪૮ |
| પોલ બ્રન્ટનની મહર્ષિ સાથેની મુલાકાત | યોગેશ્વર | ૫૬ |


# પૂ. માના જન્મદિનની શુભકામનાઓ

આજે સમગ્ર યોગેશ્વર પરિવારનો આધારસ્તંભ હોય તો તે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી છે. તેઓ આપણા સહુનો પ્રેરણાસ્રોત અને આધ્યાત્મિક પંથની દીવાદાંડી છે. આ પૃથ્વી પર અવતરિત મા જગદંબાનું તેઓ માનવશરીરધારી પ્રગટ સ્વરૂપ છે. તેઓ તપ, ત્યાગ, વૈરાગ્યથી સંપન્ન છે. તો શ્રી અને શક્તિથી પણ વિભુષિત છે. માનવના સહજભાવથી વિચરતી આવી વ્યક્તિનું પૃથ્વી પરનું વિચરણ અને દર્શન પણ વિરલ છે.

પૂ. મા હાલ કેનેડામાં છે. પૂ. માના આગામી જન્મદિન–૧૩, નવેમ્બરે તેઓ ક્યાં હશે, તે આપણે જાણતા નથી. તે છતાં તેઓના તે મંગલદિનના પ્રભાતે આપણે સહુ પૂ. માના પતિતપાવન ચરણકમળોમાં વંદન કરી, આપણી અંતરના અંતરતમની શુભકામનાઓ તેઓ પ્રત્યે વ્યક્ત કરી, પ્રભુને પ્રાર્થીએ છીએ કે હે પ્રભુ અમારા માને ખૂબ ખૂબ લાંબુ તંદુરસ્તી તેમ જ ઐશ્વર્યયુક્ત આયુષ આપજે જેથી આ પૃથ્વી પરના ત્રિવિધ તાપથી તપ્ત જીવો તેઓનો સહજ સમાગમ થતાં સુખશાન્તિનો અનુભવ કરી શકે.

હે મા, અમ ભારતવાસી સાધકોની એ પ્રાર્થના છે કે આપ જલ્દી જલ્દી અહીં પધારી અમારા નેત્રોને આપના પાર્થિવ તનુના દર્શનનું સુખ આપો.

મા, તારા વિના ચેન ન મુજને, અંકે લઇ લે આજ,
અંકે લઇ લે, વહાલ કરી લે, (મારા) મનને ટાઢક થાય.
મા તારા વિના.

તા. ક. : પૂ. મા ભારત પધારી ગયાં છે. પ્રાથના સંભળાઇ ગઇ છે.

અમે છીએ
આપના દર્શનના અધીરાં
આપનાં બાળકો

## * સુસ્વાગતમ્ *

**પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને સુસ્વાગતમ્.**

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી બે વર્ષ પછી ફરી ભારત પધાર્યાં છે. શ્રી યોગેશ્વર પરિવારના સહુ સાધક ભાઈબહેનો માટે એ ખૂબ આનંદની વાત છે. એ આનંદની અભિવ્યક્તિ પૂ. માનું અભિવાદન કરીને ભારતનાં સહુ મા-પ્રભુનાં બાળકો કરી રહ્યાં છે. અસ્તુ.

## * નૂતનવર્ષાભિનંદન *

આ વર્ષે દીપોત્સવીના તહેવારો ઓક્ટોબર-'૯૭ ના છેલ્લા દિવસોમાં આવે છે. એટલે અધ્યાત્મના સર્વે ગ્રાહકો/વાંચકોને તંત્રી તેમજ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી શુભ દીવાળી અને નવાવર્ષની શુભ-કામનાઓ પાઠવીએ છીએ.

આજની વિષમ પરિસ્થિતિ વચ્ચે પણ સહુ સાધકો પ્રભુમાર્ગે આગળ વધી આત્મિક ઉન્નતિ સાધે એવી મંગલ કામના.

— તંત્રી



# અધ્યાત્મ

વરદહસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૯ ઓક્ટોબર-૧૯૯૭ અંક : ૧

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૪-૬-૮૧, રવિવાર, જેઠ સુદ બારસ, ૨૦૩૭**

**સ્થળ : માઉન્ટ આબુ.**

સવારે સર્વેશ્વરી સમયસર છ થી આઠ બહાર મૌન રાખીને નખી તળાવના એકાંત બાગમાં શ્રી કલ્યાણ સાથે જઈને જપ કરે છે.

પૂ. શ્રી પણ સમયસર સ્નાન, મંત્રજપ, વ્યાયામ કરીને લેખનકાર્ય ૧૧-૦૦ સુધી કરે છે. થોડા આરામ બાદ ૧૧-૨૦ દ્વાર ખુલે છે. પાછળથી શ્રી કલ્યાણ ને શ્રી હરિ પણ આવે છે.

શ્રી હરિને આવેલા જોઈ ખૂબ આનંદ થાય છે. શ્રી હરિ સાથે એમનાં પત્ની, બાળક તથા સત્સંગી શ્રી સુખલાલભાઈ પણ આવવા વિચારતા હતાં એમ પૂ. શ્રીને વાત કરે છે. પૂ. શ્રી કહે છે,

"તાર કરીને જણાવો જરૂર આવે."

સમયસર ભોજન કરવા સૌ ગણેશ ભોજનાલયમાં જાય છે. ભોજન બાદ ઉતારા પર સત્સંગ શરૂ થયો. ગઈકાલે બાજુમાં આવેલા નડિયાદના શ્રી બંસીભાઈને પૂ. શ્રીએ તેમની માંગણીના જવાબમાં મંત્ર આપ્યો હતો તે અંગે પૂ. શ્રીએ તેમને કહ્યું, મંત્રની રોજ ૧૦ માળા કરવી. મંત્રમાં બહુ શક્તિ છે—નિયમિત જપવા.

ત્યારબાદ શ્રી ભૂપતભાઈ દેસાઈ આજકાલ પૂ. શ્રીનું ઉપ-નિષદનું અમૃત પુસ્તક વાંચે છે. એટલે એમાંથી બે પ્રશ્નો પૂછે છે.

**પ્રશ્ન ૧ : અસ્મિતા એટલે શું?**

**પૂ. શ્રી :** અસ્મિ = હું. તા = પણું.

હુંપણું એ અહંકાર છે. પણ તે સાત્ત્વિક છે. અસ્મિ વિના જીવન ન ચાલે. પણ એ અહંકાર ગાઢ બને તો મિથ્યાહંકાર થાય.

**પ્રશ્ન ૨ : પિશાચ એટલે શું પ્રેતયોનિ?**

**પૂ. શ્રી :** પ્રેતયોનિમાં પણ ઉચ્ચકોટિના આત્મા હોય છે. જેમ કે કોઈ પંડિત દુર્ગતિ પામે તો તે બ્રહ્મરાક્ષસ થાય. એમ કહી રામેશ્વરના એકદંડી સ્વામીની, મુંબઈનાં એક બેનની, સૌરાષ્ટ્રના પ્રવાસમાં એક પ્રખ્યાત સાધુની પ્રેતયોનિની વાતો કરતાં કહ્યું, 'આપણે તો સાર જ લેવાનો છે, કે સાધુઓની પણ દુર્ગતિ થાય છે. કોઈ પણ વિષયમાં વાસના એટલે દુઃખદાયક. આપણે સુખી થવું હોય તો મિત્રો કે સંપર્કો બહુ ન વધારવા.

**પ્રશ્ન ૩ : ઉપાસના એટલે શું? ભક્તિ એ વૃત્તિ છે કે કૃતિ?**

**પૂ. શ્રી :** ઉપ = પાસે. આસ = બેસવું.



જે ક્રિયા પ્રભુની પાસે બેસાડે—જપ, પ્રાર્થના, ધ્યાન, સત્સંગ તે ઉપાસના.

તમને કોઈ ગરીબને ભોજન આપવાની સદ્‌વૃત્તિ થઈ, પણ વળી પાછો વિચાર આવ્યો કે થોડો ખર્ચ થશે. વળી વિચાર આવે કે ચાલને, આજે એકાદશી છે તો આજે જ જમાડી લઉં. અને એ તમારી સદ્‌વૃત્તિ પ્રબળ હતી એટલે તમે અંતે તે ગરીબને ભોજન આપવાનું કર્મ કર્યું જ. સદ્‌વૃત્તિ હતી તો, કોઈકવાર પણ તે કર્મમાં પરિણમે ત્યારે તે વૃત્તિ, કૃતિ બની જાય. વૃત્તિ હોય તો કોઈકવાર કૃતિ થાય.

તમને મંત્ર લેવાની વૃત્તિ જાગી. મંત્ર લીધો, તો કોઈકવાર થશે કે મંત્ર લીધો તો ખરો હવે જપીએ. તો જપ કરવા એ કૃતિ થઈ.

ઘડિયાળ ૧—૧૫ મિનિટ બતાવતી હતી. જેથી પૂ. શ્રીએ સર્વેશ્વરી તરફ જોઈને 'શ્રીકૃષ્ણ જીનકા નામ હૈ' ગાવાની શરૂઆત કરી, સર્વેશ્વરીને તે ધૂન ગાવા ઈશારો કર્યો.

જેથી સર્વેશ્વરીએ તે ધૂન બોલાવી.

શ્રીકૃષ્ણ જીનકા નામ હૈ,
ગોકુલ જીનકા ધામ હૈ।
ઐસે સંકટમોચન કો,
હમારા ભી પ્રણામ હૈ॥

શ્રી રામ જીનકા નામ હૈ,
અયોધ્યા જીનકા ધામ હૈ।
ઐસે પતિતપાવન કો,
હમારા ભી પ્રણામ હૈ॥

શ્રી શંભુ જીનકા નામ હૈ,
કાશી જીનકા ધામ હૈ।
ઐસે ભક્તિદાતા કો,
હમારા ભી પ્રણામ હૈ॥
યોગેશ્વર જીનકા નામ હૈ,
હિમાલય જીનકા ધામ હૈ।
ઐસે શાંતિદાતા કો,
હમારા ભી પ્રણામ હૈ॥

સૌએ ધૂન ઝીલી. ત્યારબાદ શાંતિમંત્ર બોલાયો. સૌએ પ્રણામ કરી વિદાય લીધી. પૂ. શ્રીએ શ્રી હરિને તારના શબ્દો લખાવ્યા. મીનાબેને રૂમ સાફ કર્યો. સૌ ત્યારબાદ વિદાય થયા.

પૂ. શ્રીએ આરામ કરવા વિચાર્યું, પણ વીજળી બંધ થઇ હોવાથી પૂ. શ્રી લેખનકાર્ય કરવા બેઠા, સર્વેશ્વરીનું લેખનકાર્ય–ડાયરીનું તો ચાલું જ હતું.

છ વાગ્યે દ્વાર ખુલ્યું. સૌ આવીને બેઠા. પૂ. શ્રીએ પોતાનું એક નવું લખાયેલું ગીત ગાઇ બતાવ્યું. જેના શબ્દો આવા હતા : પેલો કાનુડો કામણગારો, એ તો રાધારાણીનો પ્યારો.

એક કલાકમાં થોડી બીજી વાતો થઇ. પૂ. શ્રી સાથે નખી તળાવસુધી પહોંચ્યા. બેસવાનું સ્થાન યોગ્ય ન હતું એટલે ફરી ઉતારા પર આવી નાસ્તો કરી આરામ કર્યો. હરિઃ ૐ

**તા. ૧૫–૬–૮૧, સોમવાર, જેઠ સુદ તેરસ, ૨૦૩૭**
**સ્થળ : માઉન્ટ આબુ.**

સવારે નિયમ મુજબ સર્વેશ્વરી ૬ થી ૮ નખી તળાવના એકાંત સ્થાનમાં જપ–પ્રાર્થના માટે જાય છે. આજે સાથે શ્રી હરિ,



મીનાબેન, શ્રી કલ્યાણ, શ્રી વિજયભાઇ હતાં. તેઓએ પણ સૌએ પોતપોતાના મંત્રજાપ જુદી જુદી જગ્યાએ બેસીને શાંતિથી કર્યાં.

ઉતારા પર સર્વેશ્વરી ૮–૩૦ વાગે આવી ગયાં ત્યારે પૂ. શ્રી પલંગ પર શીર્ષાસન કરતા હતા. વ્યાયામ બાદ પૂ. શ્રીએ લેખનકાર્ય શરૂ કર્યું. વચ્ચે થોડો આરામ કર્યો. સાડા અગિયાર સુધી લેખનકાર્ય ચાલું જ રહ્યું.

સમયસર ભોજન લઇ ફરી પૂ. શ્રી રૂમમાં આવી ગયા. સાથે સૌ આવીને બેઠા.

ગઇકાલે સાંજે પૂ. શ્રી આબુના બજારમાંથી ઉતારા તરફ આવતા હતા. તો એક અજાણ્યા ભાઇ પૂ. શ્રીને પ્રણામ કરીને ઊભા રહ્યા. કહ્યું : "હું ૧૫ વરસથી આબુમાં રહું છું. મારી નાનકડી ફરસાણની આ દુકાન છે. આપ તેમાં જલપાન કરવા પધારો. તમને બે ચાર દિવસથી પ્રણામ કરવાની ઇચ્છા હતી. પણ તમે આજે જ ઘણા દિવસે રસ્તા પર મળ્યા. (પૂ. શ્રી અસ્વસ્થ હતા જેથી ત્રણેક દિવસથી પૂ. શ્રી ફરવા નીકળ્યા ન હતા)

પૂ. શ્રીએ કહ્યું, 'જલપાનની ઇચ્છા તો નથી. કોઇકવાર જોઇશું એમ કહી તે ભાઇ સાથે વાતો પૂરી કરી. આ આખીયે વાત આજે ભોજનબાદ સૌને કરવામાં આવી. વળી 'કળીમાંથી ફૂલ' શીર્ષકની પાછળ એક સત્યઘટના છે તેની વાત પણ પૂ. શ્રીએ સર્વેશ્વરી પાસે કહેવડાવી. સમય થતાં સૌ વિદાય થયાં.

પૂ. શ્રીએ તરત જ લગભગ ત્રણ વાગ્યા સુધી લેખનકાર્ય કર્યું. વચ્ચે થોડો આરામ કરી ફરી લેખનકાર્ય છ વાગ્યા સુધી કર્યું. છ વાગ્યે દ્વાર ખૂલ્યું. શ્રી હરિ, શ્રી કલ્યાણ, શ્રી વિજયભાઇ, મીનાબેન, સીતાબેન સૌ આવીને બેઠાં છે.

પૂ. શ્રીએ આજે રામાયણનું કાવ્યગાન સૌને રસપૂર્વક કરાવ્યું. ત્યારબાદ થોડે સુધી સૌ ફરવા ગયાં, ત્યાં લગભગ પોણો કલાક બેઠાં. અમદાવાદ શિબિરની વાતો શ્રીહરિએ કરી. ત્યાંથી ઉતારા પર આવી પ્રાર્થના કરી. આજે ખીચડી કઢીનું ભોજન લીધું. ત્યારબાદ સંદેશ પેપર ઉપર પૂ. શ્રીએ નજર નાંખી. પછી આરામ.

સર્વેશ્વરી બહાર સૌ સાથે પ્રાર્થના કરી અંદર આવી આરામ કરે છે.

(ક્રમશઃ)

## લવાજમ સમયસર મોકલાવો

ઓક્ટોબર–'૯૭ માં અધ્યાત્મ માસિક ૧૯ મા વર્ષમાં પ્રવેશ કરે છે. એથી જે ગ્રાહકો વર્ષના પ્રારંભથી જ સીધા લવાજમ ભરતા હોય તેમણે પોતાનું લવાજમ તંત્રી, અધ્યાત્મના સરનામે મનીઓર્ડરથી મોકલાવવા વિનંતિ છે. ચેક સ્વીકારવામાં આવતા નથી. વાર્ષિક લવાજમ રૂા. ૨૫ છે. આજીવન સભ્યપદના રૂા. ૨૫૧ છે.

સરનામું : નારાયણ હ. જાની, તંત્રી અધ્યાત્મ, પ્લોટ નં. ૧૬૮૮ બી, સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

મનીઓર્ડર ફોર્મની નીચેની કાપલીમાં ઘણા મોટાભાગના ગ્રાહકો પોતાનું સરનામું લખતા નથી. તો તે અંગે કાળજી લેવા વિનંતી છે. — તંત્રી



# વિષ્ણુસહસ્રનામ

મહેશ દવે

### સહસ્રનામ

વિષ્ણુસહસ્રનામસ્તોત્રમાં ભગવાનનાં હજાર નામ વર્ણવ્યાં છે એ ખરું. પણ મહત્ત્વ સહસ્રનું નથી, મહત્ત્વ ભગવાન વિષ્ણુનું છે. સ્મરણરટણ માટે વિષ્ણુનાં સહસ્ર નામ કહ્યાં. તે સહસ્રનામની પરંપરા દૃઢ થઈ. હજારનો આંકડો રૂઢ થયો. પણ હજારની સંખ્યાનું કે ચોક્કસ આંકડાનું મહત્ત્વ નથી. ભગવાનના અસંખ્ય ગુણ છે. તે પ્રમાણે અસંખ્ય નામ છે. હજારની સંખ્યાને અસંખ્યના અર્થમાં સમજવાની છે. સામાન્ય બોલચાલમાં આપણે કહીએ છીએ 'હજાર હાથવાળો'. અહીં શબ્દશઃ હજારની સંખ્યાના અર્થમાં શબ્દ વપરાયો નથી. 'હજાર' શબ્દ વિપુલતા સૂચવે છે. તે જ રીતે સહસ્રનામ અસંખ્ય નામ અને ગુણ સૂચવે છે.

સહસ્ર નામને બદલે થોડાં કે ઓછાં નામોના પારાયણની પરંપરા પણ છે. જેમ કે ત્રણસો નામની ત્રિશતી કે એકસોઆઠ નામનું અષ્ટોત્તરશત સ્તોત્ર. શક્તિ, ભક્તિ અને અનુકૂળતા પ્રમાણે ગમે તે સ્તોત્રનું પારાયણ કે નામ–જપ–રટણ માણસ કરી શકે. સંખ્યાનું મહત્ત્વ નથી. ઈશ્વરનાં નામ અને તેના સ્મરણનો મહિમા છે.

સંખ્યાની જ વાત નીકળી છે ત્યારે કોઇ એમ પણ કહી શકે : 'ઈશ્વરનાં અનેક નામ લેવાની શી જરૂર? વિષ્ણુનું એક જ નામ રટયા કરીએ તો ન ચાલે?' તર્કની દૃષ્ટિએ દલીલ ખોટી નથી. ઈશ્વર એક જ છે. તેને એક જ નામે ભજી શકાય. તેના બધા

ગુણો એક જ સર્વગુણસંપન્ન નામમાં સમાવી શકાય. તો પછી એક જ નામનો જાપ કર્યા કરીએ તો શું ખોટું? ગાંધીજી મુશ્કેલી, અનિદ્રા કે ચિંતામાં 'રામ'નું નામ લેતા. રામનામનું રટણ કરવા ઉપદેશ આપતા. ઘણા માણસો "ૐ નમઃ શિવાય', 'ૐ નમઃ શિવાય' એવું રટણ કરવાનું રાખે છે. આ પ્રમાણે નામ–સ્મરણ કરનારા ખોટા નથી. જે રીતે ફાવે તે રીતે જપ કરાય. એક નામ લેવાય, એકસો આઠ નામની માળા કરાય, કે પછી સહસ્રનામનો પાઠ પણ કરાય. આ બાબતમાં કોઈ જડ આગ્રહ નથી.

તાર્કિક રીતે એક નામના જાપની વાત સાચી. પણ માણસનું મનસ્તંત્ર કંઈ તર્કની રીતે ચાલતું નથી. માણસને હૃદય છે, લાગણીઓ છે. તે બધાની વર્તવાની રીત પોતાની આગવી અને અનોખી છે. કશા વૈવિધ્ય વગર એકના એક નામની રટણા સામાન્ય માણસને યાંત્રિક લાગે છે. નામ–રટણ તો જીવંત પ્રવૃત્તિ બનવી જોઈએ. તેના જીવંત પ્રવાહમાં તરબોળ થવાનું છે. એક જ નામ રટ્યા કરવાની પદ્ધતિ કદાચ શુષ્ક યંત્ર સમી બની જાય. 'રામ', 'રામ'નું 'મરા', 'મરા', થઈ જાય. જપ નિર્જીવ લઢણ બની જાય તે નિરર્થક છે.

જપ–પારાયણમાં મનને સ્થાપવા પાછળ મનને નિર્વિકાર કરવાની અને લાંબો સમય તેને નિર્વિકાર રાખવાની ભાવના છે. નામરટણમાં જીવ જીવંત રીતે ડૂબી જાય ત્યારે બીજા વિકારો માટે અવકાશ રહેતો નથી. પણ જપનું કામ યાંત્રિક ગતિવિધિએ ચાલતું રહે તો મન બીજે ભમવા નીકળી પડે. વિકારોમાં અટવાવા માંડે. જુદાં જુદાં નામો સ્મરી જપ–ગાન કરવાનું હોય તો મન તેમાં જ ગૂંથાયેલું રહે, જીવ તેમાં જ ભરાયેલો રહે. આથી સામાન્ય માણસ માટે નામની વિવિધતા વધારે ઉપયોગી છે.



વિનોબા ભાવે કહે છે તેમ એક જ નામ બોલ્યા કરવાથી થાક લાગે છે. યાંત્રિક રીતે થતાં બધાં કામ થકવે છે, કંટાળો આપે છે. એકનું એક દૃશ્ય જોતાં એક જ જગાએ ઊભા, આડા કે ગોળ ગોળ આંટા માર્યા કરીએ તો ચાલવાની કસરત થાય. પણ મન પ્રફુલ્લિત ન થાય. મન થાકે અને કંટાળે. લાંબા રસ્તે ચાલ્યા જાઓ ત્યારે ચાલવાની કસરત તો થાય જ, પણ સાથે પ્રકૃતિની નોખી–અનોખી રમણીયતા જોવાતી જાય, માણસે સર્જેલી કલા–કારીગીરીનો પરિચય થતો જાય, મનમાં પ્રસન્નતા રેલાય. એ જ રીતે વિવિધ નામના રટણનો લાંબો પ્રવાસ રસ, જીવંતતા, પ્રસન્નતા અર્પી નિર્વિકાર અને પ્રભુમય બનાવે છે. આ દૃષ્ટિએ સામાન્ય માણસ માટે સહસ્રનામ વધુ સુગમ છે. યોગી ભલે એકચિત્તે એક નામમાં લીન થાય. તે ચૈતન્યની ઊંચી કક્ષાએ છે. તેને માટે તે શિખર યોગ્ય છે. પણ બીજાના મહેલ પ્રમાણે નહીં, આપણી કુટિર પ્રમાણે આપણે તો રહેવાનું. આપણે આપણા રસ્તે ચાલવાનું. આપણી પ્રકૃતિ અને ગુણ પ્રમાણે આપણો ધર્મ બજાવવાનો. તેથી સામાન્ય માણસ માટે સહસ્રનામનો મહિમા મોટો છે.

### વિષ્ણુસહસ્રનામનું સુગમ સાધન

વિષ્ણુસહસ્રનામની નામ–વૈવિધ્યની રમણીયતા ભક્ત માટે રુચિકર છે. જુદાં જુદાં નામ લેતાં ભક્તને પ્રસન્નતાનો અનુભવ થાય છે. આ ઉપરાંત એક બીજી પણ વાત છે. નામ આખરે શબ્દ છે અને શબ્દમાં અર્થ ઉપરાંત નાદ–શક્તિ છે. એનો ધ્વનિ હૃદયમાં આંદોલનો જગવે છે. વિષ્ણુસહસ્રનામનું પહેલું જ નામ લો 'વિશ્વમ્'. ચોખ્ખા ભાવવાહી ઉચ્ચાર સાથે આ નામનો ઉચિત ઉદ્‌ઘોષ થાય કે તરત આખાય વિશ્વને આવરી લેતી વિશાળતા ભાવિકના હૃદયમાં પડઘાય. પ્રેમ જેવી વિશાળતાથી હૃદય છલછલ

ભરાઇ જાય. અસંખ્ય નામો અસંખ્ય ધ્વનિ–આંદોલનો સર્જી સ્પંદનોથી ભક્તના હૃદયને ભરી દે છે.

નામ જ્યારે સ્તોત્રમાં વણાય ત્યારે તેના છંદ, લય, સંગીત એક અનેરી લાગણી ઝંકૃત કરે છે. અર્થની સમજણ ઊગે એ પહેલાં જ સંગીત ભાવવિભોર કરી દે છે. ઘણી વાર કોઇ કવિતા વાંચીએ કે સાંભળીએ ત્યારે અર્થ સમજાયો ન હોય છતાં કોઇ ઊંડાણ, ખેંચાણનો અનુભવ થાય છે. કાવ્યમાંનું ધ્વનિ–સંગીત માંહ્યલાને જાગ્રત કરી ઢંઢોળે છે. વિષ્ણુસહસ્રનામનું યોગ્ય પઠન, ગાન કે શ્રવણ આવો અનુભવ કરાવવા માટે સમર્થ છે. પ્રત્યેક સાચા, સારા સ્તોત્રમાં આવી શક્તિ રહેલી છે.

સામાન્ય માણસ યોગી કે જ્ઞાનીની જેમ તર્ક અને બુદ્ધિથી નથી ચાલતો. તે લાગણીથી ચાલે છે, ચાહે છે, પોકારે છે. બાળકને મા કેવા વહાલથી બોલાવે છે–'મારા બચુડા, મારા કીકલા, મારા લાલા!' બાળકનું નામ તો છે સરસ મજાનું : 'અશોક'. પણ મા તો તેને ,જાતજાતના નામે બોલાવે છે : 'બાબુ', 'બટુક' અને એવાં કેટલાંય લાડકાં હુલામણાં નામો. ભક્તનો ઈશ્વર સાથે લાગણીનો સંબંધ છે. ઈશ્વરને અનેક નામે બોલાવવાનું તેને ગમે છે. ભાવિક ભક્તની આવી પ્રકૃતિ સમજી વિષ્ણુસહસ્રનામની યોજના થઇ છે.

ભક્ત–હૃદય માટે વિષ્ણુસહસ્રનામ સર્વથા અનુકૂળ છે. શાસ્ત્રકારો અને ભાષ્યકારોએ નામ–જપમાં બીજી કેટલીક સગવડો પણ બતાવી છે. નામ–જપ કરવામાં કોઇ નાત–જાત, લિંગ, ઉંમર, કે મોભાનો બાધ નથી. ગમે તે માણસ ઇચ્છા પ્રમાણે સહસ્રનામનું રટણ કરી શકે છે. નામ–જપ કરવા માટે કોઈ સાધન–સામગ્રી કે સાહિત્યની જરૂર નથી, કેટલીક પૂજા કે યજ્ઞમાં શ્રીફળ કે સોપારીથી માંડી નાનીમોટી કંઇક સામગ્રી જોઇએ. પણ જપ માટે કશાની જરૂર નહીં. જપ કરવા માટે કોઇ મધ્યસ્થીની જરૂર નથી. ન જોઇએ ગોર–બ્રાહ્મણ કે ન જોઇએ કોઇ ગુરુ. ભક્ત સીધો જ ઈશ્વર સાથે તાર જોડી શકે છે. નામ–જપ માટે કોઇ ચોક્કસ નિયત સમયનું બંધન નથી. જ્યારે સમય મળે ત્યારે ભક્ત જપ કરી શકે છે. કોઇ ચોક્કસ જગાનો આગ્રહ નથી. કોઇ પણ સ્થળે બેસી સહસ્રનામનો પાઠ કે જપ કરી શકાય. નામ–જપ સાથે વિધિ–નિષેધ, કર્મકાંડ કે ક્રિયા વીંટળાયેલાં નથી. કોઇ પણ ઉપચાર વિના આવડે તે રીતે નામ–સ્મરણ કરી શકાય. છેલ્લે, નામ–સ્મરણથી ક્યારેય પોતાને કે બીજાને કશી હાનિ થવાનો કે હિંસાનો સંભવ નથી.



ઈશ્વરના બધા ગુણ અને બધાં નામ વિષ્ણુસહસ્રનામમાં સમાવ્યાં છે. તેમાં કોઇ સંપ્રદાય કે વાડાની સંકુચિતતા નથી. સ્તોત્રને ભલે 'વિષ્ણુસહસ્રનામ' કહ્યું, પણ તેમાં બધા દેવોનું રટણ છે. ઉત્પત્તિના દેવ બ્રહ્માનાં નામો તેમાં છે. સ્થિતિના દેવ વિષ્ણુનાં નામો તેમાં છે. વિલયના દેવ શિવનાં નામો પણ તેમાં છે. એક જ ઈશ્વરની સર્જન, સંવર્ધન અને સંહારની શક્તિની વિષ્ણુસહસ્રનામમાં સ્તુતિ છે. વિષ્ણુ- સહસ્રનામની આ વિશાળ વ્યાપકતાને વિનોબાએ સર્વસંગ્રાહકતા તરીકે વર્ણવી છે.

મહાભારતના સમય પછી જે ધર્મો વિકસ્યા તે ધર્મની વિભૂતિઓનાં નામ પણ વિષ્ણુસહસ્રનામમાં જોવા મળે છે. જેમ કે સિદ્ધાર્થ એટલે કે ભગવાન બુદ્ધનું નામ સહસ્રનામમાં છે. વર્ધમાન એટલે કે ભગવાન મહાવીરનું નામ તેમાં છે. રામનું નામ પણ છે. અલબત્ત બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ, તેમનાં દર્શનો અને

વિભૂતિઓ વિષ્ણુસહસ્રનામ પછીના સમયનાં છે. પણ તે અગાઉ સિદ્ધાર્થ, વર્ધમાન જેવાં નામ પ્રચલિત હતાં. તે નામોના અર્થ હતા. તે નામો ગુણો વ્યક્ત કરતા હતા. તે નામ–ગુણોનો પણ સહસ્રનામમાં સમાવેશ છે. મુદ્દાની વાત એ છે કે એ બધાં નામો વિષ્ણુસહસ્રનામમાં હોવાથી બધા ધર્મોના અનુયાયીઓનું સમાધાન થાય તેવી સહસ્રનામમાં ક્ષમતા છે. સહસ્રનામ સર્વસ્વીકાર્ય બની સહિષ્ણુતાને પોષે છે.

ઈશ્વરને અનેક નામે ભજવાની લાગણી આપણા ધર્મમાં જ છે એવું નથી. તે ભાવના બધા ધર્મોમાં જોવા મળે છે. એકેશ્વરવાદી ઈસ્લામમાં પણ અલ્લાનાં નવ્વાણું નામ છે. તસ્બી એટલે કે માળા લઈ આ નવ્વાણું નામો મુસ્લિમો જપે છે. આ નવ્વાણું નામના અર્થો સમજાવી વિનોબા ભાવેએ બતાવ્યું છે કે આ નામો ઈશ્વરના એ જ ગુણો વ્યક્ત કરે છે જેનો સમાવેશ સહસ્રનામમાં પણ થયેલો છે. આવી જ રીતે બીજા ધર્મોમાં એકથી વધુ નામો અને તે વિવિધ નામોના રટણની પ્રથા છે. વિવિધ નામોના જપ અને કીર્તનનો મહિમા સાર્વત્રિક છે કારણ કે ભક્તિની લાગણી સર્વવ્યાપી છે.

ભક્તિભાવ અનેક રૂપે વ્યક્ત થાય. શાસ્ત્રમાં તેનાં નવ સ્વરૂપ ગણાવ્યાં છે : શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. વિષ્ણુસહસ્રનામ કીર્તન–શ્રવણ સ્વરૂપની ભક્તિ બને. પણ ઈશ્વર સાથે એક થવા માટે નામ–જપ સૌથી સરળ સાધન છે. ભગવાને પણ કહ્યું છે : 'યજ્ઞોમાં હું જપ છું'. એટલે કે ઈશ્વર સાથે એક થવા માટે જપ એ શ્રેષ્ઠ યજ્ઞ છે. માટે જ ભીષ્મ પિતામહે સહસ્રનામનો જપ પ્રબોધ્યો છે.



## નામ–જપ એટલે ભક્તિની પવિત્ર ગંગા

તેમના સહસ્રનામભાષ્યમાં જગદ્‌ગુરુ શંકરાચાર્ય જેવા જ્ઞાનીએ નામ–જપનો મહિમા ગાયો છે. તેમણે સહસ્રનામમાં આવતાં વિષ્ણુનાં અનેક નામોનું વિવરણ પણ કર્યું છે. નામના અર્થો અને ગુણોનો વિસ્તાર પણ એમણે સમજાવ્યો છે. એક જ નામ સ્તોત્રમાં એકથી વધુ વાર આવે તેના અલગ અલગ અર્થ–સંદર્ભ સ્પષ્ટ કરી આપ્યા છે. જેમ કે 'વિષ્ણુ' નામ ત્રણ વાર આવે છે; 'અચ્યુત' નામ બે વાર આવે છે; 'પદ્મનાભ' ત્રણ વાર આવે છે, વગેરે. આ એક જ નામ જુદાં જુદાં સ્થળે જુદો જુદો અર્થ દર્શાવે છે તે ભાષ્યકારોએ દર્શાવ્યું છે. ઘણા પંડિતોએ નામ-સહસ્રમાં આવતાં નામ, તેના અર્થ અને માહાત્મ્યની વિદ્વત્તાભરી ચર્ચા કરી છે.

ઘણી વાર પ્રશ્ન ઊભો કરાય છે : નામનું સ્મરણ જ પૂરતું છે કે તેથી આગળ વધી નામના અર્થ, રહસ્ય, ઊંડાણ સુધી જવાનું છે? નામનો શુક–પાઠ કરવાનો છે કે નામ–માહાત્મ્ય સમજવાનું છે? નામની ગંગામાં ડુબકીઓ મારવાનું જ બસ છે કે નામો પર મનન–ચિંતન કરી છેલ્લે ધ્યાન–સમાધિ લગી પહોંચવાનું છે?

યોગીઓ, જ્ઞાનીઓ નામ–જપથી આગળ વધી અર્થ, જ્ઞાન, ચિંતન, કર્મ અને ધ્યાનને માર્ગે ઈશ્વરને પામે છે. આથી એક એવો વિચાર પ્રગટ્યો કે આ જ રાજમાર્ગે આગળ વધવાનું છે. નામ–જપ અંતર્મુખ થવાનું પ્રથમ પગથિયું છે. નામ–જપના તબક્કામાં ભક્ત અને ભગવાનનું દ્વૈત છે. નામજપ કરનાર સગુણ બ્રહ્મ સાથેનો સંબંધ જોડે છે. નામ–ગુણનું મનન–ચિંતન કરતા જઈએ, જ્ઞાન મેળવતા જઈએ તેમ તેમ દ્વૈત ઓગળતું જાય છે અને સગુણ બ્રહ્મને સ્થાને નિર્ગુણ બ્રહ્મની ચિત્તમાં સ્થાપના થાય

છે. ભક્ત–ભગવાનનો ભેદ નષ્ટ થાય છે. ભક્ત ઈશ્વરમય બની જાય છે. આમ નામ–સ્મરણથી આગળ જઈ જ્ઞાન, કર્મ, અને એકલીનતા સુધી પહોંચવાનું છે. અહીં રટણ પછીનાં સમજણ, મનન, ચિંતન, આચરણ અને સમાધિ પર ભાર મૂકાયો છે.

એક જુદો મત પણ છે. તે એમ જણાવે છે કે જપમાં જ બધું આવી જાય છે. જપમાં ઉપયોગમાં લેવામાં આવતાં નામ મંત્ર જેવાં છે. તે મંત્રની શક્તિ, તેના ઉચ્ચારનું મહત્ત્વ છે. રટણથી તે શક્તિ આત્મસાત્ થાય છે. તેટલામાત્રથી માણસ ઊર્ધ્વગામી બને છે. સ્મરણમાત્રેણ શુદ્ધિ. જપની આવી શક્તિ દર્શાવવા અજામિલની કથાનો દાખલો આપવામાં આવે છે. અજામિલ મહાપાપી હતો. તેના પુત્રનું નામ પાડેલું 'નારાયણ'. મરણ સમયે અજામિલ પુત્રને યાદ કરતો હતો : 'નારાયણ', 'નારાયણ'. અજાણતાં નિર્હેતુક રીતે નારાયણના નામ–રટણથી અજામિલ ઊગરી ગયો. આ રીતે પાપી પણ ઊગરે તો ભક્તિ-ભાવપૂર્વક નામ–સ્મરણ કરનાર ભક્ત તરી જાય એ વિશે શી શંકા હોઈ શકે ?

આ બંને મતને વિરોધી સમજી એકમેકની સામે મૂકવાને કારણ નથી. તેમને આત્યંતિક છેડા સુધી ખેંચવાનો આગ્રહ જરૂરી નથી. માણસોની પ્રકૃતિના ભેદ સમજી તે પ્રકૃતિ પ્રમાણે સહસ્ર-નામના સાધનનો ઉપયોગ કરવાનો છે. જ્ઞાન–પ્રધાન વ્યક્તિ નામ–સ્મરણ પછી નામના અર્થ, ચિંતન, મનન, ધ્યાનના માર્ગે આગળ વધે તો તેને માટે તે અનુકૂળ છે. પણ જ્ઞાની ન હોય એવો સામાન્ય લાગણીપ્રધાન માણસ નામ–સ્મરણમાં રમમાણ રહે તો તે પણ મુક્તિ પામે છે.



વેદ, ઉપનિષદ, ષડ્દર્શન અને ગીતા જેવું સાહિત્ય જ્ઞાની–યોગી, સાધુસંન્યાસી માટે છે. તો વિષ્ણુસહસ્રનામ જેવું સ્તોત્ર-સાહિત્ય ભક્તજનો માટે છે. કોઈ એક જ રાજમાર્ગ નથી કે કોઈ એક માર્ગ ઊંચો કે બીજો ઊતરતો નથી. માણસ માટે તેની પ્રકૃતિ પ્રમાણે જુદા જુદા માર્ગ ખુલ્લા છે.

સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ એ બે જુદા છે એવી સમજ પણ બરાબર નથી. સગુણ બ્રહ્મ એટલે કોઈ ઊતરતો ઈશ્વર અને નિર્ગુણ બ્રહ્મ એટલે કોઈ ચડિયાતું તત્ત્વ એવો ખ્યાલ પણ ગેરસમજૂતી ભરેલો છે. બે જુદાં જુદાં બ્રહ્મ છે જ નહીં, હોઈ શકે નહીં. બ્રહ્મ એક જ છે. પણ જુદી જુદી ગુણસ્થિતિએ રહેલા માણસો જુદી જુદી રીતે નિહાળે છે. એક ગુણસ્થિતિએ ભક્ત નામ–ગુણ–રૂપ બ્રહ્મને ભજે છે. બીજી ગુણસ્થિતિએ રહેલા જ્ઞાની–યોગી તે જ તત્ત્વ નિર્ગુણ બ્રહ્મરૂપે આરાધે છે. પણ બંનેના આરાધ્ય દેવ, ઈશ્વર, બ્રહ્મ એક જ છે. બંને બ્રહ્મને પામી શકે, પામે છે અને તેમાં લીન થાય છે. ગુણ–પ્રકૃતિ પ્રમાણે બંનેના માર્ગ જુદા પડે છે. પણ કોઈ માર્ગ ઊતરતો નથી. કોઈ ચડિયાતો નથી. દરેક માર્ગ પ્રત્યેકની પ્રકૃતિ પ્રમાણે જેને તેને માટે ઉચિત છે. ભક્ત માટે સંકોચનું કારણ નથી. જ્ઞાની માટે ગર્વનું કારણ નથી.

વિષ્ણુસહસ્રનામની મહત્તા એ છે કે તે સામાન્ય લાગણીશીલ ભક્તજન માટે સુલભ સાધન છે. વિષ્ણુનાં વિવિધ રૂપ અને નામની રટણા નામરૂપના બંધનમાંથી મુક્ત કરી ભક્તને ઉપર લઈ જાય છે. ભક્તિ તેના ઉત્તમ રૂપમાં જ્ઞાન જેવું જ તત્ત્વ બની રહે છે. જ્ઞાન અને ધ્યાનથી વ્યક્તિ ઈશ્વર સાથે એકરૂપ થઈ જાય છે તેમ ભક્તિના ઉત્તમ સ્વરૂપ પરાભક્તિથી ભક્ત અને ભગવાન

એક થઇ જાય છે. આવી ભક્તિ અનન્ય ભક્તિ છે. તેમાં અન્ય ભાવ રહેતો નથી.

સંગીત માણનાર રસિકજન સંગીતનો જાણકાર હોય તે સારું છે. તે રાગ–રાગિણી પહેચાને, સમજે અને સંગીતની દિવ્યતામાં ખોવાઇ જાય. આલાપ, સૂર, તાલની ખૂબીઓ પ્રમાણે સંગીતમય બની જાય. પણ સંગીતનો જાણકાર ન હોય તેવો પૃથગ્જન પણ સંગીતના જ્ઞાન વગર સંગીતમાં રસતરબોળ થઇ સંગીતમાં ડૂબી શકે છે. સંગીતને તે હૃદયથી પામે છે. તે જ રીતે સહસ્રનામનું રટણ–સ્મરણ કરતાં કરતાં ભક્ત નામશેષ થઇ પરમતત્ત્વમાં ભળી જાય છે. જુદે જુદે સ્થળેથી નીકળેલી જુદી જુદી નદીઓ અંતે પોતાના નામરૂપ ત્યજી એક મહાસાગરમાં ભળી એકત્વને પામે છે, તેમ જુદાં જુદાં માણસો જુદાં જુદાં નામરૂપ ઓગાળી એક ઈશ્વરમાં લીન થાય છે. હજાર હજાર નામે સ્મરેલા ઈશ્વર પ્રત્યેના બધા વંદનો કેશવને પહોંચે છે અને કેશવમાં લીન થઇ જાય છે. તેમ સહસ્રનામનું સ્મરણ કરનાર કેશવમય બની રહે છે.

## સૂચના

અધ્યાત્મના કેટલાક ગ્રાહકો પત્રો લખે છે ત્યારે તે પત્રો ઉપર નવા સુધારેલા પોસ્ટલ દરો પ્રમાણે ટિકિટો ચોડવાની કાળજી લેતા નથી. તેથી દંડ ભરવો પડે છે. હવે પોસ્ટકાર્ડનો દર ૨૫ પૈસા થયો છે ને કવરનો બે રૂપિયા. તો તે પ્રમાણે ટિકિટો લગાડી છે કે કેમ તેની ખાત્રી કરી પછી ટપાલ રવાના કરવા વિનતી.



# ત્યાગમૂર્તિ મસ્તરામજી

**એક ભક્ત**

ત્યાગી પુરુષની અદ્‌ભુત લીલા, છૂટે નહિ મન થાય ન ઢીલા;
ત્યાગી પુરુષે ધરબ્યા ખીલા, મસ્તરામ કહે વચન રસીલા ૧
ત્યાગી છે તો આપોઆપ, ત્યાગી જપે કીસીકા જાપ;
લક્ષ ચોરાશી હોઇ ગઇ માફ, મસ્તરામ કહે ગયો સંતાપ. ૨
ખરો ત્યાગ અંતરમેં આવે, તો ત્યાગી રેહેવે નિર્દાવે,
અનાસુરતી કર્મફળ પાવે, ઐસા ત્યાગી દૃષ્ટિમેં નહિ આવે;
મસ્તરામ કબી દર્શણ પાવે. ૩

નિઃસ્પૃહી હોય સ્વતંતર, કશી ન રહે કસુર;
ત્યાગીને કુણ નાબે રાખે, હૈ કિસીકા મગદૂર?
નિઃસ્પૃહીને પૂરો રાજ, નહિ બિગડે નહિ સુધરે કાજ;
નહિ આવે પરલોકની લાજ, મસ્તરામ બોલ્યા મહારાજ.

ઉપરની સાખિયોમાં ત્યાગની ભાવના તથા તેનાં જે લક્ષણ મસ્તરાજી મહારાજે બતાવ્યાં છે તે તેમના જીવનમાં પગલે પગલે ભક્તોની નજરે પડતાં હતાં. તેઓ પોતે ત્યાગમૂર્તિ જ હતા. અગાઉ કહ્યું તેમ તેમને કશો જ પરિગ્રહ નહોતો. પહેરવા ઓઢવાનાં વસ્ત્ર, ખાવાનું અન્ન અગર રહેવા માટે આશ્રમ તેમના શ્રીમંત પ્રેમી ભક્તો તેમને અર્પણ કરવા સદા તત્પર હતા. પણ તેમણે જરૂર પૂરતો એક લંગોટ અને અંચળો એ બે જ વસ્ત્ર લોકમર્યાદાને લક્ષમાં રાખીને ધારણ કરેલાં હતાં. અને ભૂખ લાગે ત્યારે સાદો રોટલો ગમે ત્યાંથી ભિક્ષામાં માગી પેટનું ભાડું દેતા

હતા. વિશ્રાંતિ અને સૂવા માટે તો કોઈ વૃક્ષ તળે કે ઓટલા પર અગર જંગલમાં પોતે બેસી ભજન ધ્યાન અગર ભક્તો સાથે જરૂરી વાર્તાલાપ કરતા હતા. પરિભ્રમણમાં આવતાં સ્થળે પોતે અનાસુરતી જ સમય પસાર કરતા. તેમના ત્યાગના થોડા દૃષ્ટાંત અહીં આપેલાં છે.

મસ્તરામ મહારાજ કોઈ સ્થળે પંદર દિવસથી વધારે ભાગ્યે જ રોકાતા. સદા પરિભ્રમણ જ કરી વિવિધ ગામના વાસીઓને પોતાના સત્સંગનો લાભ આપતા રહેતા. તેમનામાં ત્યાગની ભાવના પ્રત્યક્ષ દેખાતી હતી. ભાવનગરમાં તે સમયના રાજવી સર તખ્તસિંહજી મહારાજાને તેમના પ્રથમ દર્શને જ પૂજ્યભાવ પેદા થયો. ત્યારથી તેમના પ્રત્યે સદા માન–પ્રેમથી જોતા અને તેમને ગુરુરૂપ ગણતા હતા. આગળ કહ્યું તેમ ભાવનગરમાં જ્યારે જ્યારે મહારાજ આવતા ત્યારે ત્યારે ગામના તળાવની પાળ ઉપર પીપળો નીચે તેમનો વાસ રહેતો, અને રાત્રે જંગલમાં કોઈ વૃક્ષ તળે અગર ઓટલા પર કે પત્થરની પાટ પર જઈને પોતે આરામ કરતા અગર સમાધિમાં બેસતા.

ભાવનગરમાં એ સમયે નવું પરૂં ભીડભંજનની સામે વસતું જતું હતું. અને ઉપરકોટના નામે જાણીતા ભાગમાં પણ મકાનો બંધાતાં હતાં. કાળાગરનાળા અને મોટી હોસ્પીટલની મધ્યમાં જૈન ગૃહસ્થો તે સમયે દાદાસાહેબનું પ્રસિદ્ધ ભવ્ય જૈન મંદિર બાંધતા હતા. તેથી તેને માટે જોઈતી પત્થરની મોટી મોટી શિલાઓ તળાજા–દાઠા પાસેની બાંભોરની ખાણોમાંથી લઈ આવી એ એકાંત મેદાનમાં નાંખેલી હતી. રાત્રે એકાંત નિર્જન સ્થળમાં સૂવા સારું મસ્તરામ મહારાજ અહીં આવી રાતવાસો કરતા. બ્રાહ્મ-



મુહૂર્તમાં ઊઠી સમાધિમાં બેસતા, અગર રામનામની અંતરની ધૂનમાં જ આવા એકાદ પત્થરની પાટ ઉપર આસન જમાવતા હતા. એવામાં ત્યાં શિલ્પકામ કરનાર સોમપુરા કાલીગરો રહેતા હતા. તેમાંથી એક જણ એક દહાડો વહેલી પરોઢમાં જાજરૂ ગયેલ તે મસ્તરામજી મહારાજને બાંભોર પત્થરની એક પાટ પર બેઠેલા જોઈ આશ્ચર્ય પામ્યો. અને મહારાજને પ્રણામ કરી ઉતારા પર ગયો અને બીજા કારીગરોને વાત કરી. તેથી તે સૌ મહા-રાજના દર્શનાર્થે વહેલી સવારમાં એ સ્થળે આવ્યા. મહારાજ હસતા હસતા ઊઠી ત્યાંથી ચાલી નીકળ્યા અને તે દહાડેથી પોતે આરામ સારું ત્યાં આવતા બંધ થયા.

આમ મહારાજ દહાડે તળાવની પાળ પર પીપરો નીચે અને રાત્રે ઉપર કહ્યું તેવા કોઈ નિર્જન સ્થળે મુકામ કરે છે. એ વાત સાંભળી સર તખ્તસિંહજી મહારાજા સાહેબે મસ્તરામજી મહારાજ માટે કોઈ એકાંત સ્થળે આશ્રમ–મકાન બંધાવી આપવાનો સંકલ્પ કર્યો. એક વખત બગીચામાં મહારાજા સાહેબને મસ્તરામજીનાં દર્શન થયાં. મહારાજા સાહેબે ગાડીમાંથી ઊતરી ચરણરજ લઈ પ્રણામ કર્યાં. અને બે હાથ જોડી મહાત્માશ્રીને કહ્યું, "આપ આજ્ઞા આપો તો આપને માટે એક સારું રહેવાનું મકાન આપ નિર્દિષ્ટ કરો તે સ્થળે બંધાવી આપવા ગોઠવણ કરાવું, એથી આપને જે તકલીફ પડે છે તે ન રહે અને આશ્રમમાં શાન્તિથી વાસ કરી શકો." મસ્તરામજીએ હસીને મહારાજાને કહ્યું, "આ ક્ષણભંગુર શરીર માટે મકાન શા માટે જોઈએ? આ બાગમાં તેમ જ જંગલમાં ઘણાં વૃક્ષો અને આસનો છે તે સર્વ મારા આશ્રમ જ છે. મારું મકાન મારે માટે જ ઊભું થાય એવું બંધન જ મને ન જોઈએ." એમ કહી મહારાજાની વિનંતિનો પોતે અસ્વીકાર કર્યો.

એકવાર શિશિર ઋતુ ચાલતી હતી, ટાઢ ખૂબ જ પડતી હતી, મસ્તરામજી ઠંડા પાણીથી સ્નાન કરી પ્રભાતમાં ઊઘાડા શરીરે ફરતા ફરતા મહારાજા સાહેબના નિવાસસ્થળ મોતીબાગ પાસેથી નીકળ્યા. તેવા જ ગાડીમાં ફરવા નીકળેલા મહારાજા સાહેબની દૃષ્ટિ દૂરથી એ ટાઢથી ધ્રૂજતા શરીર ઉપર પડી. તેથી મહારાજાએ પોતાની કીંમતી ગરમ કાશ્મીરી શાલ એક અનુચરને આપી કહ્યું કે, "જા, સ્વામીજીને આ શાલ ઓઢાડ" તેથી પેલાએ તે શાલ લઇ સ્વામીજીના શરીર પર વીંટી દીધી, પણ મહાત્માજીએ એ દુશાલાના છેડા ઝાલ્યા નહિ, તેથી બે–ચાર ડગલાં ચાલતાં જ શાલ ખભા પરથી ભોંય પર પડી ગઇ. પેલા અનુચરે એ હકીકત મહારાજા પાસે આવીને કહી ત્યારે તેમણે તેને હુકમ કર્યો કે, 'તારે દરરોજ આ દુશાલો મહાત્માજીને ઓઢાડવો અને પછવાડે પછવાડે જવું. જ્યાં પડી જાય ત્યાંથી ઉપાડી લઇ ફરીથી ઓઢાડવો.' આ આજ્ઞાનું પાલન પેલો અનુચર કેટલાક દહાડા સુધી કરતો રહ્યો હતો. એથી મહારાજા સાહેબને સ્વામીજીની સેવામાં કાયમી એકાદ નોકરને નિયુક્ત કરી આપવાનો મનસૂબો થયો, અને એક દહાડો તેમણે મસ્તરામજી પાસે તેમ કરવા દેવા પ્રાર્થના કરી. ત્યારે સ્વામીજીએ હસીને મહારાજાને કહ્યું, "દેખ, મારે દશ ઇન્દ્રિયો છે, તે મારા સેવકો છે, ઈશ્વરે આપેલા આ મારા સેવકો એટલા આજ્ઞાશીલ છે કે તેઓ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કદી જ કરતા નથી. આંખને દૃષ્ટિ કરવાનો હુકમ કરતાં જ તે યથાર્થ જુએ છે, કાનને હુકમ કરતાં તે યથાર્થ સાંભળે છે. એમ દશે ઇન્દ્રિય મારા આજ્ઞારાધક અનુચરો છે જ. પછી અન્ય અનુચરની શી જરૂર છે?" એ ઉત્તર સાંભળી આ ત્યાગમૂર્તિ મહાત્માશ્રી પ્રત્યેનો ના. મહારાજા સાહેબનો પૂજ્યભાવ અનેકગણો વધી ગયો.



કોઇ બહારગામનો સાધુ પોતાની જગામાં દેવમંદિરના જીર્ણોદ્ધાર માટે ઉઘરાણું કરવા ભાવનગર આવેલ હતો. ભાવનગરની રામરાજ્ય તરીકેની સુવાસ પ્રસિદ્ધ હતી. તેથી સારી રકમ મળવાની આશાથી તે અહીં આવ્યો હતો. તેણે જોયું કે સર તખ્તસિંહજી મહારાજા સાહેબનો અનન્ય પૂજ્યભાવ મસ્તરામજી પ્રત્યે છે. જો મસ્તરામજી પોતાના મંદિરના માટે મહારાજા સાહેબ પાસે સિફારસના બે સારા શબ્દ કહે તો પોતાનું કામ થઇ જાય એમ એ સાધુને લાગ્યું. તેથી સાધુએ મસ્તરામજી મહારાજ પાસે આવી પ્રણામ કરી પોતાની જગામાં દેવમંદિરના જીર્ણોદ્ધાર માટે હજારેક રૂપિયાની રકમ માટે મહારાજા સાહેબને ભલામણ કરવા વિનંતિ કરી. તે સાંભળી મસ્તરામજીએ તેને ઉત્તર આપ્યો, "તમારા દેવ કરતાં તમે શું તખ્તસિંહજી મહારાજાને મોટા ગણો છો? તો પછી મહારાજા તખ્તસિંહજીનું જ મંદિર કેમ બનાવતા નથી? એ મહારાજાના કરતાં તો તમારા જ દેવની સાચી સિફારસ કરશો તો બધું જ પામશો." એ ઉત્તર સાંભળી પેલો સાધુ સમજીને રસ્તો માપી ગયો.

ના. સર તખ્તસિંહજી મહારાજા સાહેબનો મસ્તરામજી મહારાજ પર અનન્ય ભક્તિભાવ હતો, અને તેથી મસ્તરામ મહારાજ મોતીબાગ મહેલમાં ગમે ત્યારે પધારતા, અને મહારાજા સાહેબ ઊભા થઇ સન્માન કરી આસન આપી બેસાડતા. એક વાર મસ્તરામજી મહારાજના ચરણકમળમાં પાંચ હજાર રૂપીઆની ભેટ મૂકવાનો સંકલ્પ મહારાજા સાહેબે કર્યો. મસ્તરામજી મોતીબાગમાં પધાર્યા એટલે તરત જ મહારાજા સાહેબે ઊભા થઇ સન્માન કરી આસન આપ્યું, અને પછી હજાર હજાર રૂપીઆની પાંચ થેલીઓ મંગાવી મહારાજશ્રીના ચરણમાં મૂકી, હાથ જોડી

તે સ્વીકારવા મહારાજા સાહેબે પ્રાર્થના કરી. મસ્તરામજીએ થેલીઓ સામે જોઇ પૂછ્યું, "આ શું છે?" મહારાજા સાહેબે કહ્યું, "એ નમ્ર ભેટ છે, રૂપીઆની થેલીઓ છે." મસ્તરામજીએ પૂછ્યું, "તેનું શું કરવાનું છે?" મહારાજા સાહેબે ઉત્તર આપ્યો, "આપ તેનો સ્વીકાર કરો અને સાધુ, બ્રાહ્મણને દાન–પુણ્ય અર્થે આપ તેનો ઉપયોગ કરો અગર આપને યોગ્ય જણાય ત્યાં તે વાપરો." મહારાજશ્રીએ વળતો જવાબ આપ્યો, "હું તમારો નોકર નથી. તમારા હાથે તમે એ દાન કરી શકો છો. અહીંથી તે ઊપાડી લ્યો." એટલું કહી મસ્તરામજી ત્યાંથી ઊઠી ચાલતા થયા.

ભગવાનના અનન્ય ભક્ત ભગવત્ સ્મરણથી ભગવદ્રૂપ બની જાય છે. એક સંત કહે છે કે હરિ હરિ કરતાં માનવી હરિરૂપ બને છે. અને હરિની સર્વ શક્તિઓ પણ તેનામાં આવિર્ભૂત થઇ જાય છે. એવી રીતે મસ્તરામજી મહારાજ પણ હરિરૂપ બનેલ મહાત્મા હતા. તેમનામાં પણ એ સર્વ શક્તિઓ આવિર્ભૂત થઇ હતી; પણ તેનો ઉપયોગ પોતે ભાગ્યે જ કરતા હતા, એવું તેમના ઘણા ભક્તોનું માનવું છે. કેમ કે પોતે અજબ ત્યાગમૂર્તિ હતા. આવા મહાત્મા પુરુષને સર્વ સિદ્ધિઓ સહજ વરેલી હોય છે પણ તેઓ તેનો ઉપયોગ ક્વચિત્ જ કરે છે. મસ્તરામજી મહારાજની અણિમા સિદ્ધિનો કેટલાક ભક્તોને અનુભવ થયેલો એવું કહેવાય છે. શિહોરના કેટલાક ભક્તોને મહારાજ પરિભ્રમણ કરતાં ભાવનગર પધાર્યા છે એવું સાંભળી તેમના દર્શનાર્થે ભાવનગર આવી શિહોર તેડી જવા તેમને વિનંતિ કરતા; ત્યારે મહારાજ તેમને ઉત્તર આપતા કે, "તમે રેલગાડીમાં શિહોર જાવ. હું આવી પહોંચું છું." મહારાજથી છૂટા પડી પેલા ભક્ત દસ વાગ્યાની મેઇલ ગાડીમાં બેસી અગીયાર વાગે શિહોર



ઊતરી ભાવનગર દરવાજે મસ્તરામજી મહારાજને ત્યાં ચોકમાં ઊભેલા જોતાં જ તેમને આશ્ચર્ય થતું. તેઓ પૂછતા કે મહારાજ 'આપ રેલગાડીમાં તો નહોતો ત્યારે અહીં શી રીતે આવી ગયા?' મસ્તરામજી હસીને શાંત રહેતા. આ પ્રકારના અનુભવ ભક્તોને એકાદ બે વખત જ નહિ, પણ ઘણીવાર થયેલા. વળી એ જ પ્રકારના અનુભવો કેટલાક ઉમરાળા તથા અન્ય સ્થાનના ભક્તોને પણ થયા હતા. એથી એ સર્વને ખૂબ અચંબો થતો. પણ જાણકારોનું માનવું છે કે આવા સહજ સિદ્ધિને વરેલા મહાત્માઓની અણિમા સિદ્ધિનું આ એક સાદું ફળમાત્ર જ હતું.

મસ્તરામજી મહારાજના એક અનન્ય ભક્ત વઢવાણ નિવાસી શ્રી લક્ષ્મીશંકરભાઇ ત્રિવેદી પોતાના એક પત્રમાં લખે છે, "નિષ્કુળાનંદજીએ એક ભજનમાં ગાયું છે કે : 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.' તેનો મને મસ્તરામજી મહાત્માને અંગે પ્રત્યક્ષ અનુભવ થયો. પોતે પહેરવેષમાં એક ચાદર પહેરતા અને બીજી ઓઢતા. બાકી પાસે ત્રીજું વસ્ત્ર કોઇ રાખતા નહિ. એક દિવસ બોટાદના પ્રતિષ્ઠિત રૂના વેપારી રાયચંદ ગાંધીને ઘેર સ્વામીજીને જમવાનું આમંત્રણ આપેલું. સ્વામીજી જમવા પધાર્યા. શેઠે જુદી જુદી વાનીઓ સાથે શીરો–માનભોગ તૈયાર કરાવ્યો હતો. ભાણામાં શીરો પીરસેલો જોઇ સ્વામીજીએ પૂછ્યું, 'રાયચંદ ક્યાં છે?' રાયચંદભાઇ આવ્યા. એટલે સ્વામીજીએ કહ્યું, 'રાયચંદ, યે તેરા લોચા ઇધરસે ઊઠા લે. સાધુકો સાદા ભોજન દેના ચઇયે. મિષ્ટાન્ન ખિલાકર ઉસકી ઇન્દ્રિયોકો નિર્બંધ મત બનાઓ.' અને થાળીમાંથી શીરા સિવાય બીજી ચીજો પોતે લીધી. આમ સાધુતામાં ત્યાગનું સ્વરૂપ કેવું હોવું જોઇએ તે પ્રત્યક્ષ બતાવ્યું, એ જોઇ હું હર્ષથી રોમાંચિત થયો."

પૂર્વ જન્મના પુણ્યયોગથી મસ્તરામજી મહારાજ પ્રત્યે અપૂર્વ ભક્તિભાવ ધરાવનાર સર્વ વર્ગનાં સ્ત્રીપુરુષો એ વેળા ભાવનગરમાં હતાં. તેમાં મનાર હરખા નામે એક વણિક પણ હતા. તે મહારાજની સેવા કરતા. એવામાં દૈવયોગે તેની સામાન્ય આર્થિક સ્થિતિમાંથી તેને ખૂબ દ્રવ્યોપાર્જન થયું. મસ્તરામજી મહારાજની જ કૃપાનું આ ફળ છે એમ તે તથા તેના સ્નેહીઓ માનતા હતા. તેથી તે સૌ મહારાજશ્રીની સેવા અપૂર્વ ભાવથી કરતા. એક વખત તેના પુત્રના લગ્ન પ્રસંગે ના. મહારાજા સાહેબ પાસે અંબાડી સહિત શણગારેલો હાથી માગી લાવી એ હાથી પર જ ફુલેકું ફેરવ્યું. ફુલેકું ચડવાની તૈયારી થઇ ત્યારે મહારાજશ્રી ફરતા ફરતા ત્યાં આવી ચડયા. શેઠે આદરથી તેમને મંડપમાં લઇ જઇ સન્માન કર્યું અને આજે તો આ હાથી પર જ બેસવા માટે મહારાજને વિનતિ કરી આગ્રહ કરવા માંડયો. પણ મહારાજે ના કહી ઊઠીને ચાલવા માંડયું. ત્યારે શેઠ મહારાજના પગમાં પડી ગયા અને આંખમાં આંસુ લાવી ફરી વિનતિ કરી. પોતાની પ્રસન્નતા ક્યાં રહેલી છે તે વાતનું જ્ઞાન આ માણસને નથી એમ જોઇ માત્ર તેના મનના સાંત્વન અર્થે મહારાજ હાથી પર બેઠા અને પાંચેક મિનિટ પછી પાછા નીચે ઉતરી ચાલી ગયા. કહે છે કે શેઠની સમૃદ્ધિમાં તે દહાડેથી જ ભરતી થતી બંધ થઇ. ભાગ્યોદય સંત-હૃદયની પ્રસન્નતાને જ આભારી હોય છે! આવા ત્યાગી પુરુષને એ પ્રકારનો વૈભવ રુચતો જ નથી.



## * હો રાજ રે ! *

હો રાજ રે !–
પેલા અંતકાળિયા વૈદડા તેડાવો,
ઘસ–ઓસડિયાં પિવડાવો,
મારા ઝ્રેબાને અટકાવોઃ
મારે આરપારની વાતો
છે કરવાનાં કૈં કાજ રે. હો રાજ રે!
આ પંચભૂતની કાયા,
શી મહતી એની માયા!
એ મૂળ સત્ત્વની છાયાઃ
વહી જાય વીજ–ઝબકાર
ધરું પાણી પ્હેલાં પાજ રે. હો રાજ રે!
સત્–કર્મ–ધર્મ નવ જાણ્યા,
મૂળ મમ નહીં પરમાણ્યા,
નારાયણ નયણે ન નાણ્યા :
મંઝીલ અધરી આખરની
સોડ્મના સજવા સાજ રે. હો રાજ રે!
મારા ઝ્રેબાને અટકાવો,
ઘસ–ઓસડિયાં પિવડાવો,
પેલા અન્ત–વૈદ્ય તેડાવો
મારે દેવ–લોકની વાતો
છે કરવાનાં શુભ કાજ રે. હો રાજ રે!

— ડો. રણજિત પટેલ (અનામી)

## * જીવન છે વરદાન *

( ગાન )

જીવન છે વરદાન.
વિભુએ દીધું, સુંદર કેવું, એ મોટો એહેસાન,
જીવન છે વરદાન.
સુંદર આંખો, સમજણ સાચી, સદ્‌બુદ્ધિ ને સાન,
હાથ, પગ ને મસ્તક સાથે, સુંદર કેવા કાન.
વિભુ જાણે મહેરબાન, કેવું મબલખ દાન,
જીવન છે વરદાન.
કુદરત સુંદર, ગિરિ ગરવર ને, સરિતા સાગર–ગાન,
વન, ખેતર ને તારક ચાંદો, તરુવર, ફૂલ ને પાન.
એ પર છું કુરબાન, શું સુંદરતા દાન,
જીવન છે વરદાન.
સુંદર ધરતી, સુંદર સૂરજ, સુંદર છે આસમાન,
રંગ બેરંગી સુંદર વાદળ, શું વર્ષા અમૃતપાન!
શું! સુંદરતા શાન, જીવન છે વરદાન,
કેવું અહો મહાન.

— ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

**પૂ. માતાજીને શ્રદ્ધાંજલિ**

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનાં પૂ. માતાજી શ્રી જ્યોતિર્મયીથી માનો નિર્વાણદિન ૪ થી ઓક્ટોબર છે તે દિન નિમિત્તે શ્રી યોગેશ્વર પરિવારના સહુ સાધકો વતી–પૂ. માતાજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. –તંત્રી



# શું કરી રહ્યા છીએ?–જરા વિચારો

ચિંતક

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે, "કર વિચાર તો પામ." જે માણસ કદી વિચારતો નથી, તે ખરે જ કશું પામી શકતો નથી. આ કુદરતનો અફર નિયમ છે.

આજે આપણી આસપાસ આપણે શું જોઈએ છીએ? દોડા-દોડ કરતા માનવોનો સમૂહ જ નહિ, અરે માનવોનો મહેરામણ. કદી મુંબઈ ગયા છો! ત્યાંના ચર્ચગેટના સ્ટેશને સવારે ૯–૩૦ પછી અને સાંજે ૫–૩૦ પછી જરા જોવા જેવું દૃશ્ય હોય છે. કીડીયારામાં જેમ કીડીઓ ઊભરાય, તેમ અહીં માણસો ઊભરાતા દેખાય છે. જીવનનું જાણે એક જ લક્ષ્ય. સવારે વહેલા વહેલા ઊઠી–ખાધું ન ખાધું કે નાસ્તાનો ડબો લઈ વહેલી ગાડી પકડી લેવાની. એવી જ રીતે સાંજે છૂટી–દોડતા આવી ગાડી પકડી ઘરે પહોંચવાનું. જીવનનો કેટલો બધો કિમતી સમય આમ ગાડીઓની ગીરદી વચ્ચે ઊભા–પીસાતા રહીને પસાર કરવાનો?

પણ આ કોણ વિચારે!

દિવસો, મહિનાઓ અને વરસો આમ વહી જતાં આ બધું કોઠે પડી જાય છે. અરે, એ ઘરેડથી બહાર નીકળવાનું ગમતું નથી. કેવી કરુણ સ્થિતિ!

વર્ષો સુધી જેલના સળિયા પાછળ રહેલ કેદીને જેમ જેલ ફાવી જાય છે તેવું જ આ નહિ તો બીજું શું છે? મનનો એ સ્વ-ભાવ છે કે લાંબા વખત સુધી જે સ્થિતિ કે પરિસ્થિતિમાં રહે,

તેની સાથે સમાધાન કરી લે છે, પછી ગમે તેવી બીજાને વિપરિત લાગતી પરિસ્થિતિ પણ તેને કઠતી નથી. તેને તેમાં આનંદ આવે છે. કહો કે તેમાં તે આનંદ માણતો થઇ જાય છે.

વિચાર જ પરિવર્તન લાવી શકે. વિચાર જ ક્રાંતિ સર્જી શકે. એટલે જીવનમાં આધ્યાત્મિક પ્રગતિ ઇચ્છા હો, તો જરા વિચારો. શું કરી રહ્યા છીએ? શું એ જ જીવનનું લક્ષ્ય હોઇ શકે? કે તેથી બીજું, વધુ ઉન્નત હોઇ શકે! એટલે જ કહ્યું છે કે ઊઠો, જાગો અને શ્રેષ્ઠ પુરુષોનો સંપર્ક કરી આજની–અરે! અત્યારની આ પળનો જ જે ઉપયોગ કરી લે છે. તે જ જીવનમાં કંઇક પામી જાય છે.

**સુવાક્ય**

તમે નિર્દોષને પ્રહાર કરો તો તમને અણચિંતવ્યો મહાન ભય આવી પડે છે તે યાદ રાખી જીવો.

યોગેશ્વરજી

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨



મહાત્મા શ્રી યોગેશ્વર રચિત

# શ્રીમદ્ ભાગવત રસસુધા

જ્યોત્સ્નાબેન બી. ત્રિવેદી

* સંસારમાં સૌથી ધની અને ધન્ય તે જ છે જેના હૃદયમાં ભગવાનની ભક્તિનો વાસ છે. ભક્તિના શાશ્વત સૂત્રે બંધાઇને ભગવાન પોતાના પરમ ધામનો પરિત્યાગ કરીને એવા પ્રેમી ભક્ત પુરુષના હૃદયમાં વસવા માટે તૈયાર બને છે. મૃત્યુલોકમાં ભાગવત ભગવાનના સાક્ષાત્ સ્વરૂપ સરખું છે. એનો આશ્રય લઇને એને સાંભળવાથી, એને સંભળાવવાથી ભગવાન શ્રીકૃષ્ણના અનુગ્રહની પ્રાપ્તિ થાય છે. એનો આશ્રય લેનારને અન્ય ધર્મગ્રંથોનો આશ્રય લેવાની આવશ્યકતા નથી પડતી.

ભાગવતનો અનુરાગપૂર્વક આશ્રય લેનાર આત્માના અસાધારણ ચિરવિસ્મૃત ગૌરવને અનુભવીને સમસ્ત પ્રકારના દૈન્ય અને દુઃખોમાંથી મુક્ત થાય છે. એટલું જ નહિ, પણ ભગવદ્ભક્તિનો સંપ્રાપ્તિથી અને ભગવાનના અલૌકિક અનુગ્રહથી ભગવાનની સુખદ સંનિધિની અનુભૂતિ કરીને, કૃતાર્થ બને છે. ભાગવતનું સાચું માહાત્મ્ય એ જ હોવાથી એનો પ્રતિઘોષ જીવનમાં જેમ જેમ અધિક પ્રમાણમાં પડે છે તેમ તેમ એનું અધ્યયન, સંભાષણ, શ્રવણ સફળ બને છે. એટલે ભાગવતની કથા કેવળ લોકરંજન માટે નથી. એનું પોપટ પારાયણ કરીને કે એને સામૂહિક કથાનું સાધન સમજીને પણ સંતોષ નથી માનવાનો. એનો સાચો સંબંધ જીવનપરિવર્તન સાથે, પરમાત્માની પ્રેમભક્તિને જગાવવા ને

વધારવા માટે છે, તેમ જ પરમાત્મ પરાયણતા કેળવીને પર-માત્માના સાક્ષાત્કારથી સાર્થક થવા માટે હોઇ એનો ઉપયોગ એવા બધા લક્ષ્યાંકોની સિદ્ધિ માટે જ કરવાનો છે.

* સંસાર અસાર, દુઃખરૂપ અને મોહમાં નાંખીને મૂઢ બનાવ-નારો છે. પુત્ર અને ધનસંપત્તિનો મોહ નકામો છે. એમાં શાશ્વત સુખ કે શાંતિ નથી. ઇન્દ્ર કે ચક્રવર્તી રાજાને પણ સાચું ને સંપૂર્ણ સુખ નથી સાંપડતું. સુખ તો કેવળ વિરક્ત, એકાંતવાસી મુનિને જ મળી શકે છે.

* વનમાં વસનારે કે વસતિમાં શ્વાસ લેનારે જીવનના શ્રેય માટે એની સાથે બીજું શું કરવું જોઇએ? સમસ્ત લૌકિક ધર્મોનો અથવા લૌકિક ખટપટોનો પરિત્યાગ કરવો જોઇએ. પરમાત્માના સાક્ષાત્કાર સારુ કરાતા ભગવદ્ ભજનરૂપી ધર્મનું જ સેવન કરવું જોઇએ. એની સાથે સાથે સત્પુરુષોના સમાગમનો લાભ પણ લેવો જોઇએ.

* જીવ શિવનું સાચું શાશ્વત શરણ ક્યારે લઇ શકે?

જ્યારે એનું મન સંસારના પરિવર્તનશીલ પદાર્થો અથવા વિષયોમાંથી ઉપરામ બન્યું હોય, અને શિવનો મહિમા સહેજ પણ સમજાયો હોય અથવા એના અંતરમાં સદ્‌બુદ્ધિનો સૂર્યોદય થયો હોય ત્યારે એને જ્યારે ભાન થાય છે કે જીવનના આ રંગીન રસમય રંગમંચ પર હું પ્રકૃતિના હાથમાં પરવશ બનીને મર્કટની પેઠે ઘણુંય નાચી ચૂક્યો. હવે મારે આત્મનિષ્ઠ બનીને, સર્વતંત્ર સ્વતંત્ર થઇને આ વર્તનનો અંત આણવો જોઇએ. ત્યારે એની અંતરંગ વેદના વધી જાય છે એનું હૃદય રોમ રોમ રડી ઊઠે છે અને અણુએ અણુ ઈશ્વરના અલૌકિક અનુગ્રહ અથવા પાવન પ્રકાશને માટે ઝંખવા કે પ્રાર્થવા માંડે છે.



* કુપુત્રો સુખશાંતિપૂર્વક જીવવા તો નથી જ દેતા પણ મરવા યે નથી દેતા.

* શ્રવણ મનનથી જ શોભી ઊઠે છે અને સફળ બને છે. મનન અને નિદિધ્યાસનથી જ્ઞાન સુદૃઢ બને છે. જે જ્ઞાન સુદૃઢ નથી બનતું તે પરિપૂર્ણ ફળ પ્રદાન નથી કરતું. ધ્યાન સિવાયનું શ્રવણ નિષ્ફળ જાય છે. સંદેહથી મંત્રનો નાશ થાય છે અને એકાગ્રતાપૂર્વક જપનો આધાર ના લેવાથી એનો પણ જોઇતા પ્રમાણમાં લાભ મળતો નથી.

* જેની ગતિ કુંઠિત નથી, જે સર્વસ્થળે ને સર્વકાળે છે તે વૈકુંઠ માટે પરમાત્મા પરમ વૈકુંઠરૂપ છે. એમનું અનુસંધાન સાધનાર એમનો આશ્રય લેનાર અને એમને તથા એમના અસાધારણ અનુગ્રહને અનુભવનાર અહર્નિશ વૈકુંઠમાં જ વસે છે. વૈકુંઠ એનાથી એક ક્ષણ માટે પણ દૂર નથી થતું.

* વાયુ, જલ અને પાંદડાંનું સેવન કરવાથી અને શરીરને સૂકવી દેવાથી સુદીર્ઘ સમય સુધી ઘોર તપશ્ચર્યા કરવાથી તથા યોગાભ્યાસથી પણ જે સર્વોત્તમ સદ્‌ગતિ નથી સાંપડતી તે સપ્તાહ શ્રવણથી સહેલાઇથી સાંપડી શકે છે. આ પવિત્ર કથાનકના શ્રવણથી પવિત્ર થવાય છે. એનો નિત્ય પાઠ કરવાથી ભગવદ્-ભક્તિ વધતાં ભગવદ્ દર્શનનો લાભ મળતાં અશાંતિ મટે છે અને અવિદ્યામાંથી મુક્ત મળે છે.

* કથાશ્રવણ એક જીવન વિકાસની સુંદર સાધના છે. એનો આશ્રય લેનારે પોતાના જીવનવ્યવહારને ઉદાત્ત બનાવવો જોઇએ. કથા શ્રવણ કરતી વખતે અને એ પછી પણ જીવનની વિશુદ્ધિનો આગ્રહ રાખવો જોઇએ અને પાછળથી એવી વિશુદ્ધિ સ્વાભાવિક

બની જવી જોઇએ. કથા શ્રવણ કરનારના શિરપર આદર્શમાનવ, ભક્ત ને ઈશ્વરના કૃપાપાત્ર પરમ ભાગવત થવાની જવાબદારી રહેલી છે. એણે સર્વે મહત્ત્વના માનવોચિત મૂલ્યોને પોતાના જીવનમાં સ્થાપવા ને વિકસાવવા જોઇએ. કામ, ક્રોધ, મદ, અભિમાન, મોહ, મત્સર, લોભ, દંભ તથા દ્વેષ જેવા આસુરીસંપત્તિના વિઘાતક તત્ત્વોમાંથી મુક્તિ મેળવીને દૈવીસંપત્તિમાં સ્થિતિ કરવાનો પ્રામાણિક પ્રયાસ કરવો જોઇએ.

## દીપોત્સવી કાર્ડ

વડોદરાના યુવાન સાધકોએ આ વર્ષે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના દીપોત્સવી કાર્ડ પ્રસિદ્ધ કરવાનું વિચાર્યું છે. તો યોગેશ્વર પરિવારના સૌ સાધક ભાઇબહેનો પોતાની જરૂરતના દીપોત્સવી કાર્ડ તેમની પાસેથી ખરીદી પ્રોત્સાહિત કરે એવી આશા છે.

સરનામું : મા શ્રી સર્વેશ્વરી યુવા સત્સંગ મંડળ, શ્રી યોગમંદિર, ચોખંડી, ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે, વડોદરા–૩૯૦૦૧૭. ટે. નં. ૪૩૬૨૧૬



## My Personal true faith in MAA based on my experience

NALINI, U. S. A.

I had heard about MAA Sarweshwari in Feb.-Mareh, '97. I was invited to Bhajan on March 18th at Shardamasi's House in shawnee, Oklohoma. So I went there enjoyed the Bhajans. That time I heard Maa will be visitting Oklohoma very soon. But I heard little about Maa. So I said please when Maa comes let me know. I would like to come for Darshan and would like to help out So I was invited to shardamasi's house, when Maa came. I met Maa and Bhaktas first day and then I told Sureshbhai from Canada "Could you please tell me some more about Maa and her life, so he really nicely explained a lot of things, in very little time I really appreciate that.

A thought came in my mind, although shri Sureshbhai had told me everything. The thought was." I really do not want to believe in Yogeshwarji and of course, I don't want to upset Maa, by believing in Yogeshwarji.

Anyway there comes walmart. I went in for shopping for about an hour. When coming out pushing my cart in the parking lot towards my car I could hear lot of ladies singng "OM YOGESHWARAY NAMAHA," I could not believe it. So stopped in middle of the parking lot. Looked around. I could see all the cars parked. Even then I hear it. louder and louder–OM YOGESHWARAY NAMAHA. ૐ યોગેશ્વરાય નમઃ। I started shaking and scared straight way. A thought suddenly came in my mind. "It is because I was thinking. I am not going to believe in Yogeshwarji as I was in parking lot, I said so." "Yogeshwarji. I am really very sorry. I will never bring this thought in my mind again. Please just take me home safely and apologize to Maa that I am very sorry and I reched home safely. Thanks for sharing this story with me.

Lot of love.

▭



### મારા અંગત અનુભવના આધારે

# પૂ. મામાં મારી સાચી શ્રદ્ધા પ્રગટી

નલિની, અમેરિકા

૧૯૯૭ ના ફેબ્રુઆરી–માર્ચમાં મેં પહેલી જ વાર મા સર્વેશ્વરી વિષે સાંભળ્યું. શોનીમાં ઓક્લોહોમા સ્થળનું નામ શારદામાસીને ત્યાં ૧૮, માર્ચના ભજન કાર્યક્રમમાં મને આમંત્રવામાં આવી. તેથી હું તેમાં જોડાઇ. અને ભજનોની મઝા માણી. તે વખતે મેં ત્યાં સાંભળ્યું કે ટૂંક સમયમાં જ ઓક્લોહોમાની મુલાકાતે પૂ. મા પધારવાના છે, કિન્તુ પૂ. મા વિષે મને કશી જ જાણ ન હતી. આથી મેં વિનંતિ કરી કે જ્યારે પૂ. મા પધારે ત્યારે મને જાણ કરજો, જેથી તેઓના દર્શને આવવાનું મને ગમશે અને હું મદદરૂપ પણ થઇશ. તેથી પૂ. આવ્યાં ત્યારે મને શારદામાસીને ત્યાં નિમંત્રવામાં આવી.

પહેલે જ દિવસે હું પૂ. મા અને ભક્તોને મળી. તે પછી મેં કેનેડાના શ્રી સુરેશભાઇ શાહને પૂ. મા અને તેમના જીવનને વિષે કંઇ વધુ કહેવા વિનંતિ કરી. તેઓએ થોડા સમયમાં ઘણી બધી વાતો કહી. તે બદલ મેં તેમનો આભાર માન્યો.

તે પછી પૂ. મા વિદાય થઇ ગયાં, અને મેં ઘરે જવા માટે ગાડી હંકારી. તે વખતે મને એક વિચાર આવ્યો. (જો કે શ્રી સુરેશભાઇએ ઘણી બધી વાતો કહી હતી.) તે આ પ્રમાણે હતો. "મારે પૂ. યોગેશ્વરજીમાં માનવાની શી જરૂર છે? કારણ કે કદાચ હું તેમ કરું તો પૂ. મા રખે નારાજ થઇ જાય! અને હું પૂ. માને

નારાજ કરવા માંગતી ન હતી. એથી મેં મનોમન નક્કી કર્યું કે મારે ખરે જ યોગેશ્વરજીને માનવાની જરૂર થી.

હવે ઘરે જતાં વચ્ચે એક ખરીદી માટેની દુકાન આવી ત્યાં એકાદ કલાક ખરીદી કરી હું મારી સામાનની ટ્રોલી ધકેલતી મારી ગાડી જ્યાં થોભાવી હતી ત્યાં જઇ રહી હતી. ત્યાં મેં ઘણી બધી સ્રીઓને "ૐ યોગેશ્વરાય નમઃ"ની ધૂન ગાતી સાંભળી. પહેલા તો હું આ માની જ ન શકી. એટલે તો પાર્કીંગ પ્લેસમાં વચ્ચે જ હું મારી ટ્રોલી સાથે ઊભી રહી ગઇ! આસપાસ જોયું ગાડીઓ ઊભેલી હું જોઇ શકતી હતી. આમ છતાં ખૂબ મોટેથી અને મોટેથી બોલાતી ૐ યોગેશ્વરાય નમઃની ધૂન પણ હું સાંભળી શકતી હતી. મેં મારી જાતને હલાવી જોઇ, અને તાકીને સામે જોયું. ત્યાં એકાએક પાર્કીંગ પ્લેસમાં જ મારા મનમાં વિચાર સ્ફુર્યો "આ કદાચ એટલા માટે તો નહિ હોય કે હું યોગેશ્વરજીમાં માનતી નથી એવું મેં મનમાં વિચારેલું. તુરત જ મેં કહ્યું, "યોગેશ્વરજી, હું દિલગીર છું. (ક્ષમા કરજો) ભવિષ્યમાં કદી પણ આ વિચારને હું મનમાં લાવીશ નહિ. (પ્રભુ) મને કૃપા કરી ક્ષેમકુશળ ઘરે પહોંચાડજો. હું પૂ. માની પણ આ અંગે ક્ષમા માગીશ. મારી આ ઘટનાને (શાન્તિપૂર્વક) સાંભળવા બદલ તમારા સહુનો આભાર.

સહુને ખૂબ ખૂબ પ્રેમ.



# સર્વેશ્વરીતીર્થનો પાટોત્સવ

## ૨૮, નવેમ્બર, '૯૭

દર વર્ષની જેમ આ વર્ષે પણ જે. કે. માવાળા પરિવાર તરફથી સર્વેશ્વરી તીર્થનો ત્રીજો પાટોત્સવ આગામી ૨૮ નવેમ્બર, ૧૯૯૭ ના દિવસે ઉજવવામાં આવનાર છે, તો સર્વે સાધક ભાઈબેનોને તેમાં ભાગ લેવા હાર્દિક નિમંત્રણ શ્રી જે. કે. માવાળા પરિવાર તરફથી પાઠવવામાં આવશે.

કાર્યક્રમમાં પૂ. મા–પ્રભુની બાવનીઓ, ભજનો, ધૂનો ઉપરાંત પૂ. મા તેમ જ પ્રભુ યોગેશ્વરજીની વિડિયો કેસેટો તેમ જ મા–પ્રભુના પ્રેમી ભક્તો જેવા કે પૂ. બાપજી, પંડિતજી શ્રી કલ્યાણ તથા અન્ય વક્તાઓના વાર્તાલાપોનો સમાવેશ થશે. જ્યારે સવારે સૌ પ્રથમ પૂ. મા–પ્રભુના સ્વરૂપોનું શાસ્રોક્તવિધિથી પૂજન શ્રી પંડિતજી કરાવશે. તેમાં ઉપસ્થિત સાધકો ભાગ લઇ શકશે.

બપોરે ભોજન પછી કાર્યક્રમ પૂરો થશે.

આગલા દિવસે આવનાર સાધકો માટે ઉતારા તેમ જ સાંજના ભોજનની વ્યવસ્થા પણ નિમંત્રકો તરફથી કરવામાં આવશે. રાત્રિ સત્સંગનો કાર્યક્રમ પ્રયોજાશે.

કાર્યક્રમનું સ્થળ : મા આશીર્વાદ, એમ.–૩૨, નીલકંઠ પાર્ક, દેવપરા શાળા નં. ૬૩ ની પાછળ, આનંદનગર, રાજકોટ–૨ છે.

પૂ. મા ભારત આવી ગયેલ હોઇ, તેઓ પણ આ કાર્યક્રમમાં હાજરી આપે, એવો સંભવ છે.

# યાત્રા-પરમ સંગાથે-(૫)

સુરેશ શાહ-ટોરોન્ટો, કેનેડા

તા. ૩૦ એપ્રિલ ૧૯૯૭, બુધવાર.

પ્રથમ બેઠક સવારે ૮-૩૦

આજે પૂ. માની આજ્ઞા મળે છે કે પ્રાર્થના ખંડમાં બેસી સૌએ પાંચવાર બાવની ગાવાની છે અને ત્યાર પછી જ અલ્પાહાર માટે જવાનું છે. જાણે કે પૂ. મા સૌને નિર્દેશ આપે છે કે, "જીવવા માટે ખાવાનું છે, ખાવા માટે જીવવાનું નથી." પૂ. મા આજે બાવનીના ગાન પછી યજમાનના વિશાળ કંપાઉન્ડમાં સૌને ઊગતા સૂર્ય દેવતાનાં દર્શન કરાવે છે, સૌને સૂર્યસ્નાન કરાવે છે, ચલાવે છે, દોડાવે છે, હળવો વ્યાયામ કરાવે છે અને ત્યારબાદ મંત્રગાન કર્યા પછી જ અલ્પાહાર કરવા આદેશ આપે છે.

પૂ. મા સૌને લખીને જણાવે છે કે અન્નનું અને ભૂખનું ચિંતન છોડો તો સૌથી ઉપર ઉડી શકાય છે. આત્માનુભવની આ ઉક્તિ કેટલીબધી સૂચક અને સચોટ છે તે આપણે સૌ જાણીએ છીએ, પણ તેનો અમલ કરી શકતા નથી તે દુઃખની વાત છે.

શ્રી પરમાર્થી કબીર સાહેબની એક સાખી ગાય છે—

"હદ ચલે સો મનવા, બેહદ ચલે સો સાધ,
હદ, બેહદ દોનો તજે, બુદ્ધિ હોય અગાધ."

અહીંઆં હદ એટલે મનની સ્થિતિ છે. માણસોની મનની સ્થિતિ સંસારના અતિ સામાન્ય અને અંગત કાર્યોમાં વપરાય છે. જ્યારે સંત, સાધુ અને મહાપુરુષની મનની સ્થિતિ બેહદ હોય છે, જે હદ અને બેહદ બંને અતિક્રમી જાય છે તે જ પરમ બુદ્ધિને પામી શકે છે—આત્મદર્શન કરી શકે છે. પૂ. માના પ્રવર્તમાન મન-



ની સ્થિતિનો ઉલ્લેખ કરતાં તેઓ જણાવે છે કે પૂ. માનું મન પરમાત્મા સિવાય ક્યાંય લાગ્યું નથી માને તે મન, અમન થઇ ગયું છે.

આજે શોનીમાં રહેતા રાજુભાઇને ઘેર બપોરે ૧૨-૦૦ થી ૧-૩૦ સત્સંગ થાય છે. પૂ. મા વ્યાસપીઠ ઉપર વિરાજે છે. ભજનો ગવાય છે.

* આટલો સંદેશો મારા સદ્‌ગુરુને કહેજો.
* મારા ગુરુ ગોપાલ આવી છું તારે મારગડે, પાપ મારાં ધોવાને.
* પ્રભુ મને પાજો રે, પ્રેમનો પ્યાલો.
* વરદ હસ્ત પ્રભુ તમારો સદાય રહેજો જીવન સહારો.

શ્રી પરમાર્થી તા. ૪-૪ થી પૂ. મા સાથે યાત્રામાં જોડાયા છે. યાત્રાના સારરૂપે તેઓ જણાવે છે કે, દરેક માનવીનો અવતાર મૂર્ખનો અવતાર છે. સદ્‌ગુરુની પ્રાપ્તિથી જ જીવન સફળ થાય છે. સાખીઓના અર્થઘટનમાં પૂ. માની સહાય પ્રાપ્ત થઇ છે. પૂ. માને કબીરસમાજ હવે સન્માને છે, સમજે છે તે ખૂબ આનંદની વાત છે. તેઓશ્રી પૂ. શ્રીની સૂક્ષ્મશક્તિઓને બિરદાવતા જણાવે છે કે પૂ. શ્રીની શક્તિ અને દૃષ્ટિ તેમના આ સેવાના યજ્ઞમાં સહાયક બન્યાં છે. તેઓ બીજી સાખી પણ ગાઇ બતાવે છે—

"જીકી કારણ જગ ઢૂંઢીઆ સોતો ઘટહીમાંહીં,
પરદા દિયા ભરમ કો, સાને સૂઝે નાંહીં."

—અર્થાત્, દરેકના શરીરમાં વસતા આત્મારૂપી પરમાત્મા ત્યારે જ દર્શન આપે જ્યારે મોહ, માયાના પડળો દૂર થાય—સુખના સાગરની છોળો 'સોહમ્'થી જ અનુભવાય છે.

કેલીફોર્નીયાથી પધારેલા શ્રી ધીરૂભાઇ અને ગોકળભાઇ જણાવે છે કે પૂ. માના દર્શનથી મનને શાંતિ મળે છે, દર્શનનું આકર્ષણ રોકી શકતા નથી માટે જ દોડી આવે છે. સંસારની પ્રવૃત્તિઓમાંથી ક્ષણવાર મળતી રાહત પણ સંતોષ આપે છે.

ટોરોન્ટોના વિમળાબેન પણ આજે પૂ. માની આજ્ઞાથી બોલવા માટે ઝડપાઇ જાય છે. ટૂંકા પણ ભાવપૂર્ણ સ્વરમાં તેઓ જણાવે છે કે મને માનો પ્રેમ ગમે છે, પૂ. માનું સાન્નિધ્ય ગમે છે, પૂ. માનો વ્યવહાર ગમે છે, પૂ. માની નિયમિતતા ગમે છે. પૂ. માનો વ્યાયામ અને પ્રણામનો નિયમ ગમે છે. પૂ. માનો હસમુખો સ્વભાવ ગમે છે અને પૂ. મા પાસેથી ઘણું જાણવા અને શીખવા મળે છે. સાદી ભાષામાં હૃદયના સરળભાવોને તે ખૂબ જ ભાવથી સૌને જણાવે છે. જન્મ દેનારી જનેતાથી પણ વિશેષ પ્રેમ પૂ. મા પાસેથી મળે છે તે તેમનો સ્વાનુભવ પણ જણાવે છે. આગળ તેઓ જણાવે છે કે પૂ. મા દૈવીશક્તિ છે, ૧૯૮૧ માં પ્રથમ પરિચય થયો ત્યારથી પૂ. મા માટે અનેરું આકર્ષણ થાય છે. સંતો પાસે મૌન રાખવું અથવા ઓછું બોલવું તેનો પણ તેઓ આગ્રહ રાખે છે.

ફોર્ટસ્મીથનાં રંજનબેન પોતાના પતિદેવની જીવનશુદ્ધિ પૂ. માની કૃપાથી થઇ તેનો ઉલ્લેખ કરે છે. શોનીના શારદાબેન જણાવે છે કે છેલ્લા ઘણા સમયથી પૂ. મા એમની સાથે જ હોય તેમ અનુભવાય છે.

મેમ્ફીસના શ્રી લલ્લુભાઇ જણાવે છે કે પૂ. માનો પરિચય વધતાં પૂ. માની સાચી ઓળખાણ થાય છે. સરોજબેનમાંથી, મા સર્વેશ્વરી બન્યાં તે પૂ. માની ડાયરી વાંચવાથી જાણવા મળ્યું, તેમ જ ભારપૂર્વક જણાવે છે કે સર્વકોઇ આગળ વધી શકે છે, દૃઢ નિશ્ચય અને હિંમતની જરૂર છે. પૂ. માને જલ્દી ઓળખવાં જરૂરી છે કારણ તે સૌના શ્રેય માટે છે. વીચીટાથી પધારેલા શ્રી અમૃતભાઇ પણ પૂ. માનો ટૂંકો પરિચય છતાં પૂ. માના દર્શનના ભાવને ના રોકી શક્યા તેથી જ અત્રે આવ્યા તેમ જણાવે છે. અલ્પાહાર લઇ સૌ પૂ. માને પ્રણામ કરી વિદાય લે છે.

પૂ. માના મૌનની વ્યાખ્યા કરતાં અમને થાય છે કે શબ્દોની



સાધના એ અધ્યાત્મની આરાધના છે અને મૌન તેની પરિભાષા બની છે.

હોલી ડે ઇન હોટલના, હોલમાં યજમાન પરિવાર તરફથી આજે ૪–૦૦ થી ૬–૦૦ પૂ. માનો કાર્યક્રમ છે.

સુંદર રીતે શણગારેલા એ હોલમાં પ્રવેશતાં જ પરિવારના સભ્યોની ચીવટ, કાળજી, સુશોભન શક્તિ અને સજાવટનો ખ્યાલ સૌને આવે. વ્યાસપીઠ, બંને બાજુ પુષ્પોની સજાવટ અને રંગોની પસંદગી અતિ આકર્ષક લાગે છે. પૂ. મા સમયસર કાર્યક્રમમાં હાજર થાય છે.

પરિવારના સભ્યો પૂ. માને પ્રવેશદ્વારથી સત્કારે છે. કુમારીકાઓ કળશથી પૂ. માનું સ્વાગત કરે છે.

આવો રે, આવો રે મા–પ્રભુ પ્યારા, અંતરના પ્રેમથી વધાવીએ... સ્વાગતગીત ગવાય છે. ચીક્કાર ભરાએલાં હોલ છતાં શિસ્ત અને શાંતિ સૌને સ્પર્શી જાય છે.

પૂ. શ્રી અને પૂ. માની બાવનીથી કાર્યક્રમ શરૂ થાય છે. પૂ. શ્રીનું સ્વાગત અને પૂજન પૂ. મા સાથેના પૂ. શ્રીના સ્વરૂપને પુષ્પ અર્પણ કરી શ્રી રામભાઇ–યજમાન કરે છે. ટૂંકા સ્વાગત પ્રવચનમાં પૂ. માની સાધનાનો પરિચય આપી સૌને સત્કારે છે. શ્રીમતી શારદાબેન પૂ. માનું તિલક અને પુષ્પથી અભિવાદન કરે છે. તેઓના પુત્રો અને પુત્રવધૂઓ પણ પૂ. માનું પુષ્પના હારથી અભિવાદન કરે છે.

બે બાલિકાઓ રંગીન વેશભૂષામાં પૂ. મા સમક્ષ સત્કારનૃત્ય કરે છે. સ્વાગતગીતના શબ્દો અને ભાવો પૂ. માને ખૂબ ગમે છે. બાળાઓને પુષ્પગુચ્છ આપી આશીર્વાદ પૂ. મા આપે છે. પૂ. માનું ગીત ટેપ ઉપર સ્વાગતગીત માટે ટેપ ઉપર વગાડાય છે જાણે કે પૂ. માનું મૌન છતાં દિવ્યવાણી સૌ સાંભળે છે.

શ્રીમતી ગુલાબબેન ત્થા રંજનબેન ભજન ગાય છે. પ્રકાશભાઇનાં ભજનો પણ ભાવવાહી છે.

શ્રી પરમાર્થી, કબીરજીની સાખી સાથે પૂ. શ્રીની અને પૂ. માના જીવનના ચરિતાર્થ, માર્મિક રીતે સૌને સમજાવે છે. લગભગ પોણા કલાકના વક્તવ્યમાં તેઓ જણાવે છે કે—

વિજ્ઞાનયુગમાં આસ્થા ઘટી છે, સૌને પુરાવા જોઇએ છીએ, પૂ. માનું અવતરણ ખૂબ સૂચક છે અન્ન વિના તેરવર્ષથી જીવન ચાલે છે, શરીર સશક્ત અને અપાર શક્તિથી સંપન્ન છે તે પ્રત્યક્ષ ઉદાહરણ પૂ. માના જીવનમાંથી સૌ મેળવી શકે છે. પ્રધાનસૂર છે જેવા ભાવ અને વૃત્તિ તેવા અનુભવો સૌને થાય છે અને તે પ્રમાણે અનુગ્રહ પ્રાપ્ત થાય છે. શ્રીમતિ ગુલાબબેન—મેમ્ફીસ, શ્રી અમૃતભાઇ—વીચીટા અને શ્રી સુરેશભાઇ શાહ—ટોરોન્ટો પણ વક્તવ્યમાં જણાવે છે કે પૂ. માને જલ્દી ઓળખી લો.

શ્રીમતી શારદાબેન સૌનો આભાર વ્યક્ત કરે છે. પૂ. પ્રભુની આરતી થાય છે. કાર્યક્રમની સમાપ્તિમાં શ્રી સુરેશભાઇ શાહ પૂ. શ્રીના જન્મથી દેહવિલય સુધીની વાત કરે છે. પૂ. મા વિષે પણ વાતો કરે છે. પૂ. માની આજ્ઞાથી બાળકોના ઉછેર માટે કહેવાય છે. અંગ્રેજીમાં પણ વાત થાય છે.

વ્યક્તિગત પ્રણામ, વ્યક્તિગત વંદન, બે ગરબા સાથે કાર્યક્રમ સમાપ્ત થાય છે. યજમાન સૌને મહાપ્રસાદનો લાભ પણ આપે છે.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન પૂ. માના મંત્રજાપ ચાલુ જ છે. મૌનદ્વારા પૂ. મા સૌને સંદેશો આપે છે. ઓછું બોલો, વધુ વિચારો અને વધુ સમજો, જીવનનું શ્રેય તેમાં જ છે. હરિઃ ૐ

## સુવાક્ય

ગુરુની કૃપા શું ના કરે? સર્વ પ્રકારનું સાંસારિક સુખ અને ઐશ્વર્ય તો ધરે જ, પરંતુ તેનાથી આગળ વધીને માનવને અસત્યમાંથી પરમ સત્ય પાસે પહોંચાડે છે. અવિદ્યારૂપી અંધકારમાંથી મુક્તિ આપીને પ્રજ્ઞાના પવિત્રતમ પ્રદેશમાં પ્રવેશ કરાવીને પરમાત્માનો પરિચય કરાવે છે.

યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩

# ઋણાનુબંધ

સ્વામી કૃષ્ણાનંદ

હકીકતના પાયા ઉપર રચાયેલા પૂર્વજન્મમાં માનનારા લોકો, આ પૃથ્વી ઉપરના જીવાત્માઓનો બીજા જીવાત્માઓ સાથેનો, દિવ્યતાને પામેલા જીવો સાથેનો અને નર્કલોકમાં પહોંચેલા જીવાત્માઓ સાથેનો પૂર્વજન્મનો સંબંધ તરત જ માન્ય કરશે.

થોડા સમય પહેલાંના અથવા લાંબા સમય પહેલાંના આપણા પૂર્વજન્મને યાદ કરવાનું તથા વિગતવાર તેની માહિતી આપવાનું આપણામાંના દરેકને માટે શક્ય નથી. તેથી આપણી નિત્યની ઘટનાઓને આપણે કાલ્પનિક કારણોના સંબંધથી સમજાવવા ટેવાઇ ગયા હોઇએ છીએ; "પરંતુ હકીકતમાં તો તે ઘટનાઓ આપણાં પૂર્વ–કર્મનું જ પરિણામ હોય છે. જો આપણે આપણા ગતજીવનની બધી જ વિગતો જાણતા હોત તો આપણું અત્યારનું જીવન એક અસંબંદ્ધ બનાવોનો ભારો બની જાત." અન્ય સ્થળે હોય છે તેમાં આપણું આ પૃથ્વી ઉપરનું જીવન પણ "કોઇ પણ પ્રકારના ન્યાતજાતના ભેદ સિવાય સજીવો અથવા પુનર્જન્મ પામેલાઓ સાથેના આપણા ભૂતકાળ અને વર્તમાનકાળના વ્યવહારોના સ્વભાવ અનુસાર સુખદુઃખની આપલેની એક પરંપરા છે." આપણા કર્મ અનુસાર પૂર્વજન્મના બંધનો નિઃશંક રીતે કાર્ય કરે છે, તે સત્ય મારો નીચેનો અનુભવ સ્પષ્ટ કરશે.

સન ૧૯૬૦ ના અંતભાગમાં કોઇક સમયે જામનગર-(સૌરાષ્ટ્ર)ના એક શેઠ શ્રી પુષ્કરભાઇ એ. નાગોરીએ પોતાને



આવેલા સ્વપ્ન સંબંધમાં મને પત્ર લખ્યો. તેમાં તેઓએ જણાવ્યું કે આ સ્વપ્નમાં તે મારી સાથે ઓરિસ્સામાં આવેલાં એક માતાના મંદિરમાં જપ કરતા હતા એમ તેમણે જોયું. તે સ્થળની મુલાકાત લેવી એવા આદેશ સાથે તે સ્વપ્નનો અંત આવ્યો હતો. પોતાના સ્વપ્નની નીચે પ્રમાણેની વિગતો જણાવતાં સાથે પૂછ્યું કે પર્યટન પ્રિય સાધુ તરીકે મારા વિસ્તૃત દેશ પરિભ્રમણના સમય દરમિયાન મેં એવા કોઇ મંદિરની મુલાકાત લીધી હતી કે કેમ? તેમના લખવા પ્રમાણે દેવીના મંદિરના નામની શરૂઆત 'ગ' કારથી થતી હતી. મને એમ જણાવવામાં આવ્યું કે એ એક પ્રસિદ્ધ સ્થળ હતું અને તેની સામે એક સુંદર કમળ તળાવ હતું, તેમ જ પાછળની બાજુએ જર્જરિત દશામાં એક શિવાલય હતું.

આ પત્ર મળતા પહેલાં મારા નિયમ પ્રમાણે મેં એ વર્ષની ઓક્ટોબરની પહેલી તારીખે જ મારો વાર્ષિક પ્રવાસ કાર્યક્રમ આંકી રાખ્યો હતો. એ કાર્યક્રમમાં પ્રસિદ્ધ જગન્નાથપુરીની મુલાકાતનો પણ સમાવેશ કરેલો હતો. તેમ છતાં જગન્નાથપુરીના મારા મુકામ તથા મુકરર કરેલા મારા સમય દરમ્યાન એ મંદિરને નક્કી ખોળી કાઢવાનું કાર્ય સહેલું નહોતું. ઉપરાંત પુરીમાં છૂટથી ફરી શકાય અને મંદિરનું સ્થળ ખોળી શકાય એવો પૂરતો સમય ન હોવાથી મેં પુષ્કરભાઇના આ આશ્ચર્યકારક સ્વપ્નનો વિચાર બાજુએ રાખેલો.

યોજના પ્રમાણે મારા એક મિત્ર મુંબઇના શ્રી મણિભાઇ કે. અમીનના ઘરથી હું પુરી જવા ઉપડયો અને તા. ૧૩ મી ડીસેમ્બર ૧૯૬૨ ના દિવસે પુરી પહોંચ્યો. ત્યાંના રોકાણ દરમ્યાન મેં તે સ્થળના બ્રાહ્મણો પાસેથી માતાના મંદિર સંબંધમાં હકીકત મેળવવા સહજ તપાસ કરી. તેના જવાબમાં મને એવું જાણવા

મળ્યું કે પુરીની આજુબાજુમાં આવું કોઇ પવિત્ર સ્થળ નથી. ત્યારપછી હું ભુવનેશ્વર ગયો. એ પણ એક મહત્ત્વનું યાત્રાસ્થાન છે. પેલા મંદિર સંબંધમાં ત્યાં આગળ તપાસ કરતાં ત્યાંથી પણ એવો જવાબ મળ્યો કે એવું કોઇ મંદિર હોવાનું તેમણે સાંભળ્યું નથી.

બીજી સવારે હું પુરી પાછો ફર્યો અને જગન્નાથજીને મંદિરે ગયો. ત્યાં પૂજા કરી મંદિરનાં પગથીઆં ઉતરવા લાગ્યો. છેલ્લે પગથીએ પહોંચતાં પહેલાં જ અધવચમાં એક પુખ્ત ઉંમરના માણસે મને અટકાવ્યો. તેણે મારી પાસે સાડા અગીઆર આનાની માગણી કરી. મને એ વિચિત્ર લાગ્યું. મેં વિચાર્યું કે સારો પોષાક પહેરેલા એમનો ભિખારીનો ધંધો તો નહિ હોય! યાત્રાળુઓને વખતોવખત હેરાન પરેશાન કરનાર પંડા—ધાર્મિક ભોમિયા પૈકીના તે નહોતા. મને શાન્ત જોઇ તેમણે "કંઇ નહિ" એવું દર્શાવતાં કહ્યું, "તમારે ન આપવું હોય તો આપવાની જરૂર નથી. એ તો તમારું પૂર્વજન્મનું દેવું છે." મેં વચમાં જ પૂછ્યું, "તમને તેની શી રીતે ખબર પડી?" હવે પછીથી સરળતાને ખાતર તે માણસ માટે હું 'પુનર્જન્મા' નામ વાપરીશ. મારા પ્રશ્નના જવાબમાં આ પુનર્જન્મા ભાઈએ મને કહ્યું, "વર્ષમાં છ મહિના હું યોગસાધના કરતો જગન્નાથપુરીમાં રહું છું. મારી યોગસાધના હું મધરાતથી સૂર્યોદય સુધી અને બપોરે ચારથી નવ વાગ્યા સુધી દરરોજ કરું છું. સૂર્યોદયથી બપોર સુધી ઊંઘ અને આરામ લઉં છું. આજે નિદ્રા દરમ્યાન મને સ્વપ્નામાં નીચેનો આદેશ મળ્યો. હું જાગ્યો અને તરત જ દોડતો અહીં આવ્યો.

"સવારે ૧૧–૨૦ વાગે જગન્નાથ મંદિરને આઠમે પગથીએ એક સાધુને મળ અને તેની પાસેથી સાડા અગીઆર આના મેળવી લે. તમે બન્ને તમારા છેલ્લા જન્મમાં મુસલમાન હતા અને



બંને બ્રહ્મદેશમાં મજૂરી કરતા હતા. વીસ વર્ષની ઉંમર પહેલાં જ તમે બંને મૃત્યુ પામ્યા. પૂર્વજન્મના તેની સાથેના તારા વ્યવહારોના પરિણામે એ સાધુને તારું એટલી રકમનું દેવું છે. અત્યારે તે તેના એક મિત્રે લખી જણાવેલા દેવીના મંદિરની શોધમાં છે. મંદિરના આગલા ભાગમાં એક જૂનું કમળ–તળાવ છે, અને તેની પાછલી બાજુએ આવેલું ખખડધુસ સ્થિતિમાં રહેલું એક શિવમંદિર છે. તે સાધુને ત્યાં લઇ જા. મંદિરને રસ્તે આવેલા એક શેઠ પૂનમચંદની કાપડની દુકાને તારે થોભવાનું છે. તે પ્રમાણે કરતાં જ રાગદેવીના મંદિરે જતાં આવતાંના ખર્ચને પહોંચી વળવા સાત રૂપિયા અને તેર આનાની રકમ તને તરત જ મળશે,' એવો એ આદેશ હતો.

પ્રસંગોપાત સને ૧૯૪૬ ની સાલમાં મધ્યપ્રદેશમાં એક મહાત્માજીનો મને ભેટો થયો હતો તે બનાવ પણ મારે અહીં જણાવવો જોઈએ. જેમને મેં કદી પહેલાં જોયા નહોતા એવા એ મહાત્માએ મારા બે પૂર્વજન્મની આશ્ચર્યકારક હકીકત મને આપી હતી.

મને એમ જણાવવામાં આવેલું કે, "મારો ગત જન્મ પહેલાંનો જન્મ ઈજીપ્તમાં આવેલ એક વાંસફોડના કુટુંબમાં થયો હતો. હું આઠેક વર્ષનો થતાં જ મારાં માતાપિતા મરણ પામ્યાં. ત્યાર પછી એક મુસલમાન સંતે મને પોતાની પાસે રાખી લીધો અને બસરા નજીકના કોઇ સ્થળે લઇ જઇ પોતાની સંભાળ હેઠળ મને રાખ્યો. ત્યાં ચાર પાંચ વર્ષ રહ્યા પછીથી હું મરણ પામ્યો. પાસેના જ કોઇક સ્થળે ફરી પાછો કોઇ મુસલમાનને ત્યાં જ મારો જન્મ થયો. આ બીજા જન્મનાં મારાં માતાપિતા ખેત મજૂરો હતાં. ધંધાર્થે મક્કા–મદિના આવેલાં. બ્રહ્મદેશના એક વેપારી અમારે ત્યાં આવ્યા અને મારા મા–બાપને ગુલામ તરીકે

ખરીદી લઈ અમને બધાંને બ્રહ્મદેશ લઈ ગયા. તે સમયે મારી ઉંમર ચાર માસની હતી. બ્રહ્મદેશમાં હું ઉછરી નાનો બાળક થયો. અમારા શેઠના બંગલાની બાજુમાં જ એક બૌદ્ધમઠ હતો. હું ત્યાં રમવા જતો. મારા આકર્ષક અરબી દેખાવ અને કુમળી ઉંમરને કારણે આશ્રમના અંતેવાસીઓ મારા તરફ પ્રેમથી વર્તતા. આઠ વર્ષની ઉંમરે મારી માતા ગુજરી ગઈ અને પિતા ગાંડા બન્યા. તેઓ કોઈક સ્થળે ચાલ્યા ગયા અને થોડા માસ પછી અમને સમાચાર મળ્યા કે તેઓ દૂરના ગામમાં ભૂખમરાને કારણે મરી ગયા હતા."

"દરમ્યાનમાં અમારા શેઠને વેપારમાં ભારે ખોટ આવી અને પરિણામે તેમને પોતાનું રહેઠાણ બદલવું પડયું. મને તેમણે મઠમાં મૂક્યો. ઘણા સારા સમય સુધી હું મઠમાં સાધુઓ સાથે રહ્યો. મારી તોફાની વૃત્તિને કારણે મને મઠમાંથી એકાએક કાઢી મૂકવામાં આવ્યો. નવ વર્ષનો હું આશરો આપનારને અભાવે લોકોના બોજા ઉપાડી તથા બીજાં ઘરકામો કરી મારું ગુજરાન ચલાવતો. ચૌદેક વર્ષની ઉંમરે હું મરી ગયેલો."

મારા અત્યારના જન્મનું સ્થાન બ્રહ્મદેશ છે અને મારા છેલ્લાની પહેલાંના જન્મદાતા પિતા મારી માતારૂપે બ્રહ્મદેશમાં જન્મ્યાં હતાં. આ ઉપર જણાવેલી મારી ભૂતકાલિન વિગતોને અદ્દભુત સંહિતાઓ ઉચ્ચ જ્યોતિવિજ્ઞાનની એક શાખા પૂર્ણપણે ટેકો આપે છે અને તેમાં મારા ભવિષ્ય વિષે પણ કેટલીક મહત્ત્વની વિગતો છે એ બધી નિ:સંશય સાચી જ પડશે.

જ્યારથી મારો જન્મ મિસર દેશમાં થયો હોવાનું મેં જાણ્યું ત્યારથી જ હું એ દેશની મુલાકાત લેવાનું ઊંડું આકર્ષણ સેવી રહ્યો છું. ગુજરાતના ખેડા જિલ્લામાં એક કસ્બા ભાદરણમાં મારું



બાર ચાતુર્માસ ગાળવાનું વ્રત આવતે વર્ષે પૂર્ણ થશે. પછી ઈશ્વરેચ્છાએ સને ૧૯૬૫ ના માર્ચની ૧૯ મી તારીખથી "દિલ્હીથી કેરો સુધી પગપાળા મારો પ્રવાસ શરૂ કરવાની યોજના છે." મારી ગણત્રી પ્રમાણે મિસરના એ સુંદર શહેરમાં પહોંચવા સોળ મહિના લાગશે. વળતા પ્રવાસ માટે હું વાહનનો ઉપયોગ કરીશ.

મારા મૂળ વિષય પર આવી જઉં. પુનર્જન્માની વાત સાંભળી મેં તેમને સાડા અગિયાર આના આપ્યા. મંદિર પાસેથી તેમણે ભુવનેશ્વર જવા રીક્ષા ભાડે કરી. રસ્તામાં તેમણે કાપડની દુકાન આગળ રીક્ષા થોભાવી દુકાનમાં પ્રવેશ કર્યો. ગલ્લા આગળ જ એક સદ્દગૃહસ્થ બેઠા હતા. શ્રી પુનર્જન્માને જોતાં જ તેઓ ઊઠયા, ઘડીયાળમાં જોયું અને કંઈ પણ બોલ્યા ચાલ્યા સિવાય પોતાની પાસે તૈયાર રાખેલા સાત રૂપિયા તેર આના તેમને આપ્યા.

પુનર્જન્મા પણ કશું બોલ્યા નહિ. તેમણે રકમ લીધી અને અમે વિદાય લીધી. અમે ભુવનેશ્વર પહોંચ્યા અને ત્યાંથી એક બસ ગાડી દ્વારા રાગિણીદેવીના મંદિરે પહોંચ્યા. ખરેખર એ નાનુંસરખું મંદિર પ્રાચીન જણાયું. તેની સામે કમળ તળાવ આવ્યું હશે એમ લાગ્યું. મંદિરને પાછલે ભાગે ખંડિયેર હાલતમાં શિવમંદિર પણ હતું. ત્યાં કેટલોક સમય અમે ગાળ્યો. પાછા વળતાં પહેલાં જાણવા મળ્યું કે સાઠ વર્ષ પહેલાં એ સ્થળ ઘણું લોકપ્રિય હતું અને સારી સંખ્યામાં ભક્તો ત્યાં આકર્ષાતા હતા. અમારા વૃદ્ધ ભોમીઆએ જણાવ્યું કે સમય જતાં એ મંદિર દુર્લક્ષિત બન્યું અને અત્યારે તો આપણા આ અતિ ધાર્મિક પ્રદેશમાં આવેલાં ઘણાં ખરા વ્યક્ત મંદિરોમાંનું તે એક છે.

રાગદેવીને રસ્તે અને જગન્નાથને મંદિરે પાછાં ફરતા મેં શ્રી પુનર્જન્માને તેમના વર્તમાન જન્મ સંબંધી કંઈક પૂછ્યું, તેમણે

કશું પણ કહેવાની ના પાડી. પોતાની અનિચ્છા દર્શાવતાં તેમણે આખરે કહ્યું. "કુદરતી યોજના પ્રમાણે આપણે મળ્યા અને હવે એ મેળાપનો હેતુ પૂર્ણ થયો છે તો પછી મારે વિષેની નિરૂપયોગી વિગતો મેળવવાનો પ્રયત્ન જ કેમ?" મેં વધુ દબાણ કર્યું નહિ.

તેઓ વિદાય થયા અને હું સીધો પૂનમચંદ કાપડીઆને ત્યાં ગયો અને પેલા સાત રૂપિયા તેર આના વિષે મને બધું જણાવવાનું કહ્યું. તેમણે મને કહ્યું, "આગલી રાતે મને સ્વપ્નામાં આદેશ મળ્યો હતો કે જે ઇસમ સવારે ૧૧–૪૮ વાગે આવે તેને તે રકમ આપી દેવી." મારી પાસે પૂરતા પૈસા હતા અને મને ખાત્રી છે કે શ્રી પુનર્જન્મા પાસે પણ પૂરતી રકમ હતી. અમારા બેમાંથી કોઇ પણ તેટલા પૈસા ખર્ચી શક્યું હોત. "પરંતુ રાગદેવી પર્યટનના ખર્ચ પેટે સાત રૂપિયા તેર આના અમને આપવા માટે બનેલ આ ઘટનામાં શ્રી પૂનમચંદ શેઠનો ગૂઢ પ્રવેશ એ બીજું કશું નહિ પણ અમારા ભૂતપૂર્વ દેવાદાર હોવાનો જ ચોક્ખો બનાવ છે." રાગદેવી મંદિરના નામ સંબંધમાં કહેવાનું કે તેની શરૂઆત પુષ્કરભાઇએ કહેલા 'ग'થી થઇ નહોતી. એ ઉપરથી એમ સમજી શકાય કે 'ग'ની પહેલાના 'ग' અક્ષરની છાપ શ્રી પુષ્કરભાઇના સ્મૃતિપટ પર ચોક્ખી રીતે પડી ન હોય અને પરિણામે જાગ્યા બાદ તેમને પાછલા અક્ષર 'रा'ની જ સ્મૃતિ રહી.

મેં પુરી છોડયું અને મારા આંકેલા કાર્યક્રમ પ્રમાણે બીજાં ઘણાં સ્થળોની મુલાકાત લઇ તા. ૨૭ માર્ચ ૧૯૬૧ ના રોજ હું જામનગર પહોંચ્યો. દરમ્યાનમાં આ અદ્‌ભુત ઘટના વિષે મેં કોઇને કશું લખ્યું કે જણાવ્યું નહોતું. શ્રી પુષ્કરભાઇને ઘેર



પહોંચ્યા પછી જ મેં તેમને તે વિષે બધું કહ્યું. તેમને એથી કંઇ આશ્ચર્ય થયું નહિ. એનું પણ કારણ હતું. "તેમની પત્ની એ આવિર્ભાવની અવસ્થામાં જોએલી બધી વિગતવાર હકીકત તેમણે કહ્યા પ્રમાણે પુષ્કરભાઇએ પોતાની રોજનિશીમાં માર્ચમાસની નોંધમાં લખી હતી. તેમાં જણાવ્યું હતું કે હું પોતે જ તે મંદિરનું સ્થાન જાતે ખોળી કાઢવાની વાત રૂબરૂ કરીશ; અને તે વિષે બધું તેમને ઘેર આવી એક કલાકમાં જ કહીશ. પુષ્કરભાઇનાં પત્નીનો આ આશ્ચર્યકારક સ્વાનુભવ આંતરિક મનની અદ્‌ભુત ક્રિયાની બીજી સાબિતી છે."

"શું આ નોંધપાત્ર ઘટના એમ નથી બતાવી આપતી કે આપણાં જીવન આપણા અજ્ઞાત ભૂતકાળ તથા ન સમજી શકાય તેવા વર્તમાન સાથે અત્યંત ગૂઢ રીતે વણાયેલાં છે? વળી આપણે પોતાના ભૂતકાલીન ઋણ ચૂકવવા અને આધ્યાત્મિક ઉન્નતિ સાધવા પુનર્જન્મ લઇએ છીએ."

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૬૬૮૨૩૧

પોલ બ્રન્ટનની

# મહર્ષિ સાથેની મુલાકાત

(ગતાંકથી ચાલુ)

મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદ : યોગેશ્વર

મારી ઇચ્છા મંદિરનું નિરીક્ષણ કરવાની હોવાથી, મેં શહેર-માંથી કોઇને વાહન લઇ આવવાની સૂચના આપી. જો બની શકે તો ઘોડાગાડી લાવવાની જ મેં વિનંતિ કરી કારણ કે બળદગાડી સુંદર દેખાતી હોવા છતાં ઝડપી તથા આરામદાયક ન હોતી.

ચોકમાં જઇને જોયું તો બે પૈડાંવાળી ખચ્ચરગાડી મારે માટે રાહ જોઇ રહેલી. એમાં બેસવાની બેઠક નહોતી. પણ એ વસ્તુની મને મુશ્કેલી ન લાગી. ગાડીવાળો જરા ભયંકર દેખાવનો હતો. એના માથા પર લાલ રંગનો ગંદો ફેંટો હતો. અને બીજા વસ્ત્ર તરીકે એક મેલો કપડાનો ટુકડો એના સાથળની વચ્ચેથી પસાર થઇને પીઠ પાછળ ખોસેલો અને કમરપટા તરીકે કામ કરતો હતો.

ધૂળવાળી લાંબી મુસાફરી પછી છેવટે શિલ્પકામવાળા ઊંચા માળના મોટા મંદિરે અમારું સ્વાગત કર્યું. ગાડીમાંથી નીચે ઊતરીને મેં મંદિરનું ઉપરછલ્લું નિરીક્ષણ કરવા માંડયું.

'અરુણાચલનું મંદિર કેટલું પ્રાચીન છે તે મારાથી નહિ કહી શકાય.' મારા એક પ્રશ્નના જવાબમાં મારા સાથીદારે કહેવા માંડયું : 'પરંતુ એનું આયુષ્ય સૈકાઓ જેટલું જૂનું છે એ તો તમે પણ જોઇ શકો છો.'

દરવાજાની આજુબાજુ અને મંદિરની અંદરના ભાગમાં



થોડીક નાની દુકાનો અને ભપકાદાર સ્ટોલ હતા. તાડવૃક્ષોની નીચે એમની ગોઠવણ કરાયેલી હતી. એમની પાસે સાધારણ વસ્ત્રોમાં સજ્જ થયેલા, ધાર્મિક ચિત્રો તથા શંકર અને બીજા દેવોની મૂર્તિઓના વિક્રેતાઓ બેઠા હતા. શંકર ભગવાનની મૂર્તિઓ આગળ તરી આવતી તે જોઇને મને નવાઇ લાગી, કારણ કે બીજાં સ્થળોમાં રામ અને કૃષ્ણનું સ્થાન પહેલું રહેતું. મારા ભોમિયાએ એ બાબત ખુલાસો કર્યો.

'અમારે ત્યાં ચાલી આવતી પરંપરાગત દંતકથા પ્રમાણે, એક વાર ભગવાન શંકર પવિત્ર અરુણાચલ પર્વતના શિખર પર અગ્નિની જ્વાળાના રૂપમાં પ્રકટ થયા. એટલા માટે હજારો વરસ પહેલાં બનેલી એ ઘટનાની સ્મૃતિમાં મંદિરના પૂજારીઓ વરસમાં એક વાર મોટી જ્વાળા સળગાવે છે. શંકર હજુ પણ પર્વત પર વિરાજે છે. અને મારી ધારણા પ્રમાણે મંદિર એ ઘટનાના મહોત્સવરૂપે જ તૈયાર કરવામાં આવેલું.'

કેટલાક યાત્રીઓ સ્ટોલોનું નિરાંતે નિરીક્ષણ કરતા હતા. એ સ્ટોલોમાંથી કેવળ દેવતાની પિત્તળની મૂર્તિઓ જ નહોતી મળતી, પણ ધર્મકથાના કોઇ પ્રસંગને અંકિત કરતી ભપકાદાર પથ્થર કે ધાતુની પ્રતિમાઓ, તેલુગુ તથા તામિલ ભાષામાં છાપેલી ડાઘાવાળી ધાર્મિક ચોપડીઓ પણ વેચાતી, અને પોતાની જાતિ કે માન્યતા મુજબ કપાળે કરવાનાં ચિહ્નો કે તિલક માટેના રંગબેરંગી રંગો પણ મળી રહેતા.

એક કુષ્ઠરોગી ભિખારી કાંઇક સંકોચ સાથે મારી પાસે આવી પહોંચ્યો. એના અવયવોનું માંસ ઢીલું પડી ગયેલું હતું. હું એને કંગાળ જાણીને તિરસ્કારી કાઢીશ કે એના પર દયા બતાવીશ એ બાબત એનું મન ચોક્કસ નહોતું દેખાતું. એના ભારે રોગે એના

વદનને નીરસ બનાવી દીધેલું. એને આપવાનું દાન મેં જમીન પર નાંખ્યું એથી મને શરમ તો લાગી, પણ એને અડવાની હિંમત હું ન કરી શક્યો.

કોતરી કાઢેલી આકૃતિઓથી ભરેલા મીનારા જેવા આકારના પ્રવેશદ્વારે એ પછી મારું ધ્યાન ખેંચ્યું. દરવાજાનો એ ઊંચો મંડપ જેવો ભાગ ઉપરથી અણીદાર અને કાપી નાંખેલો હતો. એ ઇજિપ્તના કોઈક પિરામિડ જેવો દેખાતો. એના જેવા બીજા ત્રણ દરવાજાની સાથે એ બાજુના પ્રદેશમાં આગળ પડતો તરી આવતો. એ દરવાજાઓ પાસે પહોંચતાં પહેલાં માઈલો દૂરથી એમનું દર્શન થઇ શકતું હતું.

મંદિરની આજુબાજુ બધે જ ભાતભાતની શિલ્પકૃતિઓ અને અવનવી નાની મૂર્તિઓ દેખાતી. એના વિષયો દંતકથાઓ તથા પવિત્ર પરંપરાગત વાતોમાંથી લેવામાં આવેલા. એમાં વિચિત્ર જાતનું સંમિશ્રણ દેખાતું. એમાં ઊંડા ધ્યાનમાં ડૂબેલા હિંદુ દેવતા-ઓની અલગ આકૃતિઓનું દર્શન કરવા મળતું, અથવા એમની પરસ્પરના ગાઢ આલિંગનમાં ઓતપ્રોત થયેલી મૂર્તિઓ પણ જોવા મળતી. એ જોઈને નવાઈ લાગતી. એ જોઈને એ હકીકત-ની યાદ આવતી કે હિંદુધર્મ સ્વાભાવિક રીતે જ સૌનો સમાવેશ કરવાની શક્તિ ધરાવે છે, અને બધી જ જાતની રસવૃત્તિને માટે એમાં કાંઈક ને કાંઈક સામગ્રી રહેલી છે.

મંદિરની અંદરના ભાગમાં પ્રવેશ કરીને હું એક મોટા સમ-ચોરસ સ્થાનમાં આવી પહોંચ્યો. એ વિશાળ સ્થાનમાં રચનાઓની પરંપરા, મઠો, પરસાળો, મંદિરો, ઓરડાઓ કઠેરા અને ઊઘાડી તથા ઢંકાયેલી જગ્યાનો સમાવેશ થતો હતો. એથેન્સની પાસેના દેવસ્થાનોની પેઠે થોડી જ ક્ષણોમાં લાગણીઓને મંત્રમુગ્ધ ને



સ્તબ્ધ કરનારી સ્થંભની સુંદરતાવાળી પથ્થરની ઈમારત ત્યાં જોવા ન મળી. ત્યાં તો ઊંડા રહસ્યથી ભરેલી ઉદાસ દેવસ્થાનની જગ્યા હતી. ત્યાંના વિશાળ ગોખલાઓ પોતાના એકાંતિક શાંત વાયુમંડળને લીધે મને પ્રભાવિત કરી રહ્યા. આખુંય સ્થાન ભૂલ-ભૂલામણી જેવું હોવા છતાં મારા સાથીદારે એમાં વિશ્વાસપૂર્વક ચાલવા માંડયું. બહારથી જોતાં મંદિરના દરવાજા પોતાના રતૂમડા પથ્થરીય રંગોને લીધે આકર્ષક લાગેલા, પરંતુ અંદરના ભાગનું પથ્થરકામ રાખ જેવા રાખોડી રંગનું હતું.

મજબૂત દીવાલવાળા, લાંબા મંડપમાંથી અમે આગળ વધ્યા. એના છાપરાને સીધા, જુદી જુદી જાતના કોરી કાઢેલા થાંભલાઓ ટકાવી રહ્યા હતા. ઝાંખા પ્રકાશવાળી પરસાળો તથા અંધારા ઓરડામાંથી પસાર થઈને આખરે અમે એ પ્રાચીન મંદિરના બહારના ભાગમાં આવેલા મોટા મંડપમાં આવી પહોંચ્યા.

'હજાર થાંભલાનો હોલ!' એ જગજૂની રચનાને હું એકીટશે જોતો હતો, ત્યાં જ મારા ભોમિયાએ ઉદ્ગાર કાઢયા. મારી સામે સીધા, કોતરકામવાળા, ગંજાવર સ્થંભોની હારમાળા ફેલાયેલી હતી. એ આખીય જગ્યા એકાંત અને વેરાન હતી. એના રાક્ષસી સ્થંભો ઝાંખા પ્રકાશમાંથી અત્યંત અદ્ભુત રીતે આગળ તરી આવતા. એમના પરના પ્રાચીન કોતરકામનું નિરીક્ષણ કરવા હું એમની પાસે જઈ પહોંચ્યો. દરેક સ્થંભ એક જ પથ્થરના ભાગમાંથી બનાવેલો હતો અને એના આધારે ટકેલું છાપરું પણ સપાટ પથ્થરના મોટા ટુકડાઓનું બનાવેલું હતું. શિલ્પીની કળાની મદદથી દેવતા તથા દેવીઓને મેં એક વાર ફરી ક્રીડા કરતાં જોયા; પરિ-ચિત અને અપરિચિત પ્રાણીઓના કોરી કાઢેલા ચહેરા ફરી એક વાર મારી તરફ તાકવા માંડયા.

અમે એ થાંભલાવાળી પરસાળના ધ્વજની આકૃતિવાળા પથ્થરોની વચ્ચે ફરવા માંડયું. અને એરંડિયામાં ડૂબાડેલી દીવેટ-વાળા નાના દીવડાઓથી સાધારણ રીતે પ્રકાશિત થયેલા અંધારા માર્ગમાંથી પસાર થઇને છેવટે મધ્યવર્તી વાડામાં આવી પહોંચ્યા. મંદિરના અંદરના ભાગને બતાવનારાં પાંચ નાનાં દેવાલયનું દર્શન હવે કરી શકાયું. એમની રચના પિરામિડના આકારનાં ટાવર જેવી હતી. ઊંચી દીવાલવાળા સમચોરસ ભાગમાં એમને લીધે પ્રવેશ-દ્વારો તૈયાર થયાં હતાં. એમાંના અમારી નજીકના એકનું અવ-લોકન કરીને હું એવા નિર્ણય પર પહોંચ્યો કે એ ઇંટોનું બનાવેલું છે, અને એનો ઉપરનો અલંકૃત ભાગ ખરેખર પથ્થરમાંથી કોરી કાઢેલો નથી, પરંતુ પાકી માટીમાંથી કે કોઇક જાતના ટકાઉ પ્લાસ્ટર કે લેપની મદદથી તૈયાર કરવામાં આવ્યો છે. કેટલીક આકૃતિઓ દેખીતી રીતે જ રંગની મદદથી બનાવવામાં આવેલી, પંરતુ એમના રંગ ઝાંખા પડી ગયેલા હતા.

વાડામાં પ્રવેશીને અને એ વિરાટ મંદિરના કેટલાક મોટા, અંધારા રસ્તાઓમાં ફરીને મારા ભોમિયાએ મને સૂચના આપી કે આપણે મધ્યસ્થ મંદિરની પાસે જઇ રહ્યા છીએ અને ત્યાં અંગ્રેજથી નહિ જઇ શકાય, નાસ્તિક માણસને દેવના દર્શનની મનાઇ હોવા છતાં એને મંદિરના ગર્ભદ્વારના ઊંબરા પાસે લઇ જતી અંધારી પરસાળમાં ઊભા રહીને દૂરથી દર્શન કરવાની છૂટ તો છે જ. એટલામાં તો એ ચેતવણીને યથાર્થ ઠરાવતો નગારાનો અવાજ મારા સાંભળવામાં આવ્યો. એની સાથે સંભળાતા પ્રબળ ઘંટાનાદ અને પૂજારીઓનાં સુદીર્ઘ ઉચ્ચારણોના પરિણામે પેદા થતો એકસરખો શુષ્ક સંવાદ એ પ્રાચીન ધર્મસ્થાનના અધંકારમાં કાંઇક વિચિત્રતાભરેલો લાગવા માંડયો.



મેં ધાર્યા પ્રમાણે દર્શન કર્યું. મૂર્તિની પાસે અંધકારમાં સોનેરી જ્યોતિ બળતી હતી, બેત્રણ બીજી ઝાંખી જ્યોતિઓ હતી, અને થોડાક ઉપાસકો કોઇક ધર્મકાર્ય કરી રહેલા હતા. મંદિરના સંગીતકારોને મારાથી બરાબર ઓળખી ન શકાયા; પરંતુ થોડા વખતમાં શંખનો નાદ તથા ઝાંઝરનો સખત કર્કશ અવાજ સંગીત-ની સાથે મળી ગયો.

મારા સાથીદારે કાનમાં કહી બતાવ્યું કે પૂજારીઓ મારી હાજરીને સાચેસાચ પસંદ નહિ કરે, એટલા માટે વધારે વખત સુધી રોકાવાનું ઠીક નહિ થાય. એ પછી અમે મંદિરના બહારના શાંતપવિત્ર પ્રદેશમાં પહોંચી ગયા. એવી રીતે મારી શોધ પૂરી થઇ.

પ્રવેશદ્વાર પાસે ફરીવાર પહોંચ્યા ત્યારે મારે એક બાજુ ખસી જવું પડયું, કારણ કે રસ્તાની વચ્ચે જમીન પર એક વયોવૃદ્ધ બ્રાહ્મણ પિત્તળનું નાનું પાણીપાત્ર લઇને બેઠો હતો. ડાબા હાથમાં તૂટેલા દર્પણનો ટુકડો લઇને એ કપાળે ભપકાદાર તિલક કરી રહ્યો હતો. દક્ષિણના જૂનવાણી હિંદુની નિશાનીરૂપે એના કપાળ પર અંકિત થયેલું લાલ અને સફેદ ત્રિશૂળ પશ્ચિમના પ્રજાજનની દૃષ્ટિમાં એના દેખાવને હાસ્યાસ્પદ અને ગામડિયા જેવો બનાવતું હતું, મંદિરના દરવાજા પાસેની નાનકડી દુકાનમાં બેસીને શંકર ભગવાનની નાની મૂર્તિઓ વેચનારા એક બીજા વયોવૃદ્ધ માણસે મારી દૃષ્ટિ સાથે દૃષ્ટિને એક કરી. અને એની વણબોલાયેલી વિનતિને લક્ષમાં લઇ હું કાંઇક ખરીદી કરવા ઊભો રહ્યો.

શહેરના દૂરના છેડે સંગેમરમરના મીનારાનો ચળકતો સફેદ રંગ એકાએક મારી નજરે પડયો. એટલે મંદિરને મૂકીને મેં સ્થાનિક મસ્જિદનો માર્ગ લીધો. મારી અંદર એવું કશુંક જરૂર છે જે મસ્જિદની છટાદાર સુંદર કમાનો તથા ઘુમ્મટની નાજુક

સુંદરતા જોઈને હંમેશાં ઝણઝણાટીનો અનુભવ કરે છે. ફરી એક વાર મેં મારા બૂટ કાઢી નાંખ્યા અને એ ચિત્તાકર્ષક સફેદ મકાનમાં પ્રવેશ કર્યો. એની રચના કેટલી સરસ રીતે કરવામાં આવેલી, કારણ કે એની ઘુમ્મટવાળી ઊંચાઈ માણસના મિજાજને અચૂક રીતે ઉત્તમ કરતી! ત્યાં થોડાક જ ભક્તો હાજર હતા. પોતાના નાના રંગીનપ્રાર્થના માટેના કામળા પર બેસીને તે ઘૂંટણિયે પડતા કે પ્રણામ કરતા હતા. ત્યાં કોઈ રહસ્યમય દેવમંદિરો કે ભપકાદાર મૂર્તિઓનું દર્શન નહોતું થતું : કારણ કે એમના પયગંબરે લખ્યું છે કે માણસ અને ઈશ્વરની વચ્ચે બીજું કોઈ પણ નહિ આવે,– પૂજારી પણ નહિ! અલ્લાની આગળ બધા ઉપાસકો સરખા છે. ત્યાં કોઈ પૂજારી કે પંડિત નથી, અને મક્કા તરફ મન લગાડતી વખતે માણસના વિચારોની વચ્ચે પડનારા દેવતાઓની પરંપરા પણ નથી.

મુખ્ય ગલીમાંથી પાછા વળતી વખતે મારી નજર પૈસા છૂટા કરી આપનારની દુકાનો પર, મીઠાઈના સ્ટોલો પર, કાપડના વેપારીઓની દુકાનો પર અને અનાજ તથા ચોખાના વેપારીઓ પર પડી, જેને લીધે એ સ્થાનની ખ્યાતિ થયેલી તે પ્રાચીન મંદિરના મુસાફરોના લાભ માટે તે તૈયાર હતા.

હવે હું મહર્ષિ પાસે પાછો જવા ઉત્સુક હતો, અને ગાડીવાળાએ પણ અમારું આગળનું અંતર કાપવાના ઉદ્દેશથી પોતાના ટટ્ટુને જરા ઝડપથી ચલાવવા માંડયું. દૃષ્ટિને પાછી ફેરવીને મેં અરુણાચલના મંદિરની છેવટની ઝાંખી કરી લીધી. શિલ્પકામવાળાં નવ ટાવર હવામાં ઉપર ઊડતાં દેખાયાં. એ પ્રાચીન મંદિર બાંધવા માટે ઈશ્વરને નામે કરાયેલા ધીરજપૂર્વકના પરિશ્રમની કથા કહેતાં હતાં, કારણ કે એની રચનામાં એક માણસના જીવનકાળ કરતાં



વધારે વખત લાગ્યો હતો એ નિઃશંક હતું. ઈજિપ્તની પેલી વિચિત્ર સંસ્મૃતિએ મારા મનને હલાવી દીધું. શેરીઓના મકાનોની ઘરગથ્થુ શિલ્પકળામાં એટલે કે નીચા મકાનો અને જાડી દીવાલોમાં ઈજિપ્તના જેવી ઢબ દેખાઈ આવતી હતી.

એવો દિવસ શું કદીક પણ આવશે ખરો, જ્યારે આ મંદિરોનો ત્યાગ કરીને માણસ એમને શાંત અને વેરાન દશામાં છોડી દેશે અને જે રાતી અને રાખોડી માટીમાંથી એ પેદા થયાં છે તેમાં ધીમે ધીમે ટુકડે ટુકડા થઈને મળવા દેશે? કે પછી નવા નવા દેવતા શોધીને એમની આરાધના માટે એ નવાં મંદિરો બનાવતો રહેશે?

પેલી તરફની પથ્થર પથરાયેલી ગિરિમાળાના ઢોળાવમાં આવેલા આશ્રમના રસ્તા પર અમારું ટટ્ટુ ઝડપથી દોડતું જતું હતું, ત્યારે કુદરતે પોતાનો સમગ્ર સૌન્દર્યભંડાર અમારી દૃષ્ટિ આગળ ખુલ્લો કર્યો છે એવો અનુભવ કરતાં મારો શ્વાસ થંભી ગયો. સૂર્ય પોતાના વિશેષ પ્રકાશ સાથે રાત્રીની પથારી પર વિશ્રામ કરવા જાય છે એ સંધ્યાકાળના સમયનું નિરીક્ષણ મેં પૂર્વના દેશોમાં કેટલી બધી વાર કર્યું છે! પૂર્વના દેશોનો સૂર્યાસ્ત પોતાના વિવિધ રંગોના સુંદર દેખાવથી હૃદયને મુગ્ધ કરે છે. અને એ આખોય પ્રસંગ અડધા કલાકથી પણ ઓછા વખતમાં જલદી જલદી પૂરો થાય છે.

યુરોપની શરદઋતુની લાંબી સંધ્યાઓ આ પ્રદેશને માટે મોટે ભાગે અજાણી છે. પશ્ચિમ દિશામાં અગ્નિની જ્વાળાવાળો જ્યોતિર્મય દડો જંગલમાં જાણે કે નીચે ઊતરતો દેખાયો. ગગનના ગેબી ઘુમ્મટમાંથી અદૃશ્ય થતાં પહેલાં એણે અત્યંત ચળકતો નારંગી જેવો રંગ ધારણ કર્યો. એની આસપાસના

આકાશ પર પણ એ રંગના પડછાયા પડી રહ્યા. એને લીધે અમારી આંખની આગળ કોઈ પણ કલાકાર ન પૂરો પાડી શકે એવો કળાત્મક ઉત્સવ ઊભો થયો. અમારી આજુબાજુના ખેતરો અને ઝાડોનાં ઝૂંડમાં ઊંડી શાંતિ પથરાઈ ગઈ. નાનાં પંખીઓના સ્વર સંભળાતા બંધ થયા. જંગલી વાંદરાઓના અવાજ પણ શાંત થયા. લાલ અગ્નિનો દેદીપ્યમાન ગોળો કોઈ બીજી જગ્યાએ જવા માટે ઝડપથી અદૃશ્ય થવા માંડયો. સાંજનો પડદો વધારે ગાઢ રીતે પડવા લાગ્યો, અને થોડા વખતમાં તો ઉત્તેજિત અગ્નિજ્વાળા તથા વિસ્તાર પામેલા રંગોનું એ આખુંય દૃશ્ય અંધકારમાં વિલીન થયું.

એ શાંતિની અસર મારા વિચારો પર પડયા વિના ન રહી. એની સુંદરતા મારા અંતરને સ્પર્શી રહી. નસીબે આપણે માટે પૂરી પાડેલી એવી અનેરી ક્ષણોને કેવી રીતે ભૂલી શકાય? એવી ક્ષણો આપણા મનને એવો વિચાર કરતું કરી મૂકે છે કે જીવનની કઠોર વાસ્તવિકતાની વચ્ચે, એની અંતર કોઈ દયાળુ સર્વોત્તમ શક્તિ છૂપાયેલી પડી છે. એ ક્ષણો આપણા સામાન્ય કલાકોને શરમાવે એવી ઉત્તમ હોય છે. અંધારા અવકાશમાંથી ખરતા તારાની જેમ એ આશાનો ક્ષણિક માર્ગ અજવાળવા આવે છે અને આપણી આગળથી અદૃશ્ય થાય છે.

(ક્રમશઃ)

---

## * ભક્તને સમાધિની સિદ્ધિ વગર ચાલી શકે. *

ભક્તને પણ જો ધ્યાનની મદદથી પોતાના પ્રિયતમ પ્રભુના દર્શનની ઈચ્છા થશે તો તેણે ધ્યાનની સાધના કરવી પડશે. ધ્યાનની રુચિ કે રસવૃત્તિ પણ કેળવવી પડશે ને છેવટે પ્રભુની ઝાંખી સમાધિમાં કરવી રહેશે. પણ જો ભક્તની ઈચ્છા ઊઘાડી આંખે અથવા જાગૃત દશામાં જ પ્રભુનું દર્શન કરવાની હશે તો આંખ મીંચીને ધ્યાન કરવાની ને પરિણામે સમાધિમાં પ્રતિષ્ઠિત થવાની જરૂર તેને નહિ રહે. તે તો ઊઘાડી આંખે થતાં ઈશ્વરના અલૌકિક દર્શનમાં જ સંતોષ પામશે. આનંદ મેળવશે ને જીવનની ધન્યતાનો અનુભવ કરશે. ધ્યાન, ધારણા, પ્રાણાયામ, મુદ્રા કે સમાધિ જેવી કોઈયે યોગક્રિયાની તેને જરૂર નહિ રહે. પ્રેમ તથા ઈશ્વરના મંગલ દર્શનને માટેની આતુરતા અથવા તો વ્યાકુળતા પર રચાયેલો તેનો ક્રિયાયોગ કોઈ જૂદી જ જાતનો હશે. તે તો ઈશ્વરના સ્વરૂપનું ઊઘાડી આંખે જ દર્શન કરવા, ઈશ્વરના શ્રીમુખમાંથી નીકળેલા સુધામય શબ્દો સાંભળવા તેમ જ ઈશ્વરના શીતળ સ્પર્શના અલૌકિક આનંદનો અનુભવ કરવા માટે જ તલપાપડ બનીને શ્વાસ લેતો હશે. ઈશ્વરના દર્શનને પરિણામે આનંદમાં મગ્ન બનીને તે થોડીવારને માટે ને સહજ રીતે શરીરનું ભાન ભૂલી જશે તે ભલે, પણ યોગની ક્રમિક સાધના કરીને સમાધિની સિદ્ધિ કરવાની જરૂર તેને નહિ રહે. તેવી સિદ્ધિ વિના તેને સહેજે ચાલી શકશે.

યોગેશ્વરજી

## * દેહને જ આત્મા માનવાની ભૂલ. *

અવિદ્યાનું એ ચોથું સ્વરૂપ છે ને તેનું દર્શન ઠેર ઠેર થાય છે. શરીર ને આત્મા બંને અલગ અલગ છે. તોપણ તે બંનેના ભેદને સહેલાઈથી ભૂલી જવાય છે, ને પરિણામે શરીરને જ પોતાનું સ્વરૂપ માનીને માણસ સુખદુઃખ ભોગવે તથા બંધનમાં મોક્ષનો અનુભવ કર્યા કરે છે. પોતે આત્મસ્વરૂપ છે એ વાત જો સારી પેઠે સમજી લેવામાં આવે તો માણસને પરમ શાંતિ, સુખ ને મુક્તિનો અનુભવ કરતાં વાર ના લાગે. તે બધું તેને સહેજે મળી જાય. પોતાના મૂળ સ્વરૂપ અથવા મહિમા- માં પ્રતિષ્ઠિત થતાં તેને વાર ના લાગે. તે પછી મરણ કે દુઃખથી પણ ડરે નહિ ને રાગદ્વેષ તથા અહંકારથી પર થઈ જાય. પણ મોટાભાગના માણસો શરીરને જ સર્વસ્વ માને છે, શરીરના જ ધારણ–પોષણ ને ભોગ માટે પાર વિનાની પ્રવૃત્તિ કરે છે ને આત્માને માટે કાંઈ જ નથી કરતા. આત્માને ઓળખતા પણ નથી. તેમનું દેહાભિમાન ઘણું ભારે હોય છે. શરીરની આસક્તિમાં એ અટવાયા કરે છે ને હર્ષશોક અનુભવે છે.

મહાપુરુષોએ એટલા માટે જ 'હું કોણ?'નો વિચાર કરવાનું કહ્યું છે. એ વિચાર કેટલાક લોકો માની બેસે છે તેમ કેવળ બુદ્ધિની કસરત કે તર્કનો વિલાસ નથી. એવી રીતે વિચાર કરવાની પદ્ધતિ ત્યારે જ સંપૂર્ણ ને સફળ થાય છે જ્યારે પોતાના મૂળસ્વરૂપનો અનુભવ કરીને માણસ શરીરથી પર ને શાંત થાય છે તથા સમાધિની અલૌકિક અવસ્થાનો અનુભવ કરે છે. 'હું કોણ'નો એકલો વિચાર કરવાનો નથી પણ અનુભવાત્મક નિર્ણય કરવાનો છે એ યાદ રાખવાનું છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.